# કૃત સંકલ્પ

જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

Vol.16-17* Issue : 478, 05th March - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂ. - ૫.૦૦


## વિકસિત ગુજરાત કે દેવાળિયું ગુજરાત ?

**હવે પીએમ મોદી અને ભાજપના સામ્રાજ્યમાં પ્રથમવાર મોટી તિરાડ દેખાવા લાગી છે**

**વિધાનસભામાં રેકોર્ડ બહુમતીથી જીત્યા બાદ માધવસિંહ મુખ્યમંત્રીપદ ગુમાવે છે...**

**ભાજપ સરકારની બીબીસીને નિર્લજ્જ ધાકધમકી**




હોળી અને ધુળેટી પર્વની
આપ સૌને
ખૂબ ખૂબ શુભકામના.

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૭૮**
**5, March - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**તાજેતરમાં** છત્તીસગઢનાં પાટનગર રાયપુરમાં સંપન્ન થયેલાં કોંગ્રેસનાં મહાઅધિવેશનમાં રાજકીય, આર્થિક અને આંતરરાષ્ટ્રીય બાબતો પર સઘન ચર્ચા-વિચારણા થઈ હતી અને મહત્વના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. આ મહાઅધિવેશનમાં પ્રજાને સાથે રાખીને લોકશાહી પરંપરા અને બંધારણ અનુસાર કામ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ કોંગ્રેસ મહાઅધિવેશનમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા અને વરિષ્ઠ નેતા શ્રીમતી સોનિયા ગાંધીએ કરેલા નિવેદનને તરોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યું છે. તેમના નિવેદનને ક્ષેત્ર સંન્યાસ સાથે સાંકળવાની જરૂર નથી. કોંગ્રેસ પક્ષને સોનિયાજીના માર્ગદર્શન અને પ્રેરણાની જરૂર છે. તેઓ પક્ષના સર્વમાન્ય નેતા છે, જેમણે ગરિમા જાળવીને તમામ નિર્ણયો લીધા છે. તેમનું પક્ષમાં અપ્રતિમ યોગદાન રહ્યું છે અને હજુ પણ સોનિયાજીના આશીર્વાદ અને માર્ગદર્શન પક્ષને મળતા રહેશે. સોનિયાજી આખરી શ્વાસ સુધી કોંગ્રેસ માટે કામ કરતાં રહેશે.

ગુજરાત સરકારે સત્તાના મદમાં આવીને કોંગ્રેસને વિપક્ષનું પદ નહીં આપવાનો નિર્ણય કર્યો છે, જે લોકતાંત્રિક મૂલ્યોની વિરુદ્ધ છે. સરકારે ભલે વિપક્ષના નેતાનું પદ કોંગ્રેસને નથી આપ્યું, પરંતુ કોંગ્રેસ એક સકારાત્મક અને રચનાત્મક વિપક્ષની ભૂમિકા નિભાવવાનું ચાલું રાખશે.

તાજેતરમાં રજૂ કરાયેલાં ગુજરાત સરકારનાં ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષના બજેટમાં ગુજરાતની પ્રજાને વિકાસ અને પ્રગતિના વાયદાનો અમૃતકાળ દેખાડવાનો સ્પષ્ટ પ્રયાસ થયો છે. આ બજેટ ફક્ત આંકડા અને શબ્દોની માયાજાળ છે અને તેનું ગહન વિશ્લેષણ કરતા જણાશે કે બજેટથી ગુજરાતની પ્રજાને કોઈ લાભ નહીં મળે.

છેલ્લે, હું સમગ્ર કોંગ્રેસ પક્ષ વતી દેશના નાગરિકોને હોળી અને ધૂળેટીની શુભકામનાઓ પાઠવું છું. ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે પણ દેશની મહિલાઓની ચોમેર પ્રગતિ માટે પણ અનેક શુભેચ્છાઓ. કોંગ્રેસના પીઢ નેતા, પૂર્વ કેન્દ્રીય પ્રધાન, પૂર્વ પ્રદેશ અધ્યક્ષા અને આંધ્રપ્રદેશના પૂર્વ રાજ્યપાલ દિવંગત કુમુદબહેન જોશીની ૧૪મી માર્ચે પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કોંગ્રેસ પક્ષની શ્રદ્ધાંજલી. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ આરોગ્ય પ્રધાન દિવંગત ડો. અનિલ જોશીયારાની ૧૪ માર્ચે પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હું સમગ્ર કોંગ્રેસ પક્ષ વતી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી આપું છું.

જય જય ગરવી ગુજરાત...


**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ




લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


माफ करना, मैं झुक नहीं पाती..!
अडाणी-हिंडनबर्ग मामला: सुप्रीम कोर्ट नें बंद लिफाफे में नाम लेना नामंजूर किया


जॉब ?
जॉब ?
जॉब ?
हिजॉब ?
BY ROHIT KABADE


Economy
National Security
INDIA


LIC
SBI
TAX PAYER
ADANI STOCKS


BBC! BBC! BBC!
WHY DON'T THEY TALK ABOUT JOBS, RISING PRICES, RUPEE, ECONOMY INSTEAD?
SATISH ACHARYA


डिस्क्लेमर
आंकड़े, तथ्य, नाम, काल्पनिक अथवा गलत हो सकते हैं। श्रोता विवेक से काम लें।

# વિકસિત ગુજરાત કે દેવાળિયું ગુજરાત ?

**કહેવાતા** વિકાસના પંથે આગળ વધતી ગુજરાત સરકારનું જાહેર દેવું પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. છેલ્લાં એક જ વર્ષમાં ગુજરાત સરકારના જાહેર દેવામાં રૂ.૨૪૦૫૧ કરોડનો વધારો થયો છે. આ વર્ષે રાજ્ય સરકારનું દેવું વધીને ચાર લાખ કરોડથી વધુ થઈ ગયું છે. દરેક ગુજરાતીના માથે રૂ.૬૬,૦૦૦નું દેવું છે. ગુજરાત સરકારના બજેટ કરતાં જાહેર દેવું દોઢ લાખ કરોડ વધુ છે, જેની ચિંતા શાસક પક્ષને છેજ નહીં. જો આજ પરિસ્થિતિ રહી તો ગુજરાતનો એકે એક નાગરિક દેવાના ભાર તળે આજીવન જીવતો રહેશે.

ગુજરાતના અર્થતંત્ર માટે રાજ્ય સરકારનો પ્રચાર ઢોલ-નગારાં વગાડીને કરાય છે. જ્યારે વિકાસના નામે ગુજરાત સરકાર દેવામાં વધારો કરી રહી છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધી રૂ.૮૬,૧૨૦ કરોડ વ્યાજ પેટે ચૂકવ્યા છે. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી ગુજરાત સરકારે રૂ.૧,૪૪,૯૫૧ કરોડની લોન લીધી છે. લોકસભામાં નાણાં મંત્રાલયે રજૂ કરેલા રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત સરકારનું જાહેર દેવું રૂ.૩,૨૯,૭૩૪ કરોડ હતું, જે વધીને વર્ષ ૨૨-૨૩માં રૂ. ૪,૦૨,૭૮૫ કરોડ થયું છે. વર્ષ ૧૯૯૬માં ગુજરાત સરકારનું દેવું ફક્ત ૧૪,૮૦૦ કરોડ હતું. દેશમાં જાહેર દેવામાં ગુજરાત ૭માં ક્રમે છે. એટલે ગુજરાતનો દેવામાં જેમ વિકાસ થયો છે તેવો જ દેશનો વિકાસ થયો છે તેમ કહી શકાય.

છેલ્લા ત્રણેક વર્ષમાં ગુજરાત સરકારના જાહેર દેવામાં ૯.૪૨ ટકાનો વધારો થયો છે. જો સરકાર એમ કહેતી હોય કે કરવેરાની આવકમાં વધારો થયો છે તો દેવું કરવાની શા માટે જરૂર પડે છે ? વર્ષ ૨૨-૨૩માં રાજ્ય સરકારનું બજેટ રૂ. ૨,૪૩,૯૬૫ કરોડ હતું. સરકારના બજેટ કરતાં જાહેર દેવું દોઢ લાખ કરોડ રૂપિયા વધુ છે. ગુજરાતમાં જાહેર દેવું ઘટવાને બદલે કેમ વધી રહ્યું છે. તે મોટો સવાલ છે. દેવું ચૂકવવા માટે રકમ કેવી રીતે એકઠી કરવી તેની સરકાર પાસે કોઈ યોજના નથી. સરકારની નીતિ ''દેવું કરીને ઘી પીઓ''ની છે. જ્યારે ગુજરાત સરકારનું કહેવું છે કે રાજ્ય સરકારનું જાહેર દેવું બે વર્ષમાં રૂ.૯૦ હજાર કરોડથી વધી રૂ.૪.૮૦ લાખ કરોડ થશે.

બજેટની ખાધ નિવારવા એસેટ મોનેટાઇઝેશન સાથે નોન સ્ટ્રેટેજિક અને કોમર્શિયલ ચાલતા જાહેર સાહસોના ડિસઇન્વેસ્ટમેન્ટની દિશામાં રાજ્ય સરકાર પ્રયત્ન કરશે. જીએસએફસી, જીએનએફસી, જીસીએલ, જીઆઈપીસીએલ, જીએમડીસી, ગુજરાત ગેસ લિ., જીએસપીએલ જેવી નફો કરતી કંપનીઓમાં ગુજરાત સરકાર ડિસઇન્વેસ્ટમેન્ટ કરવાનું વિચારી શકે.

વિધાનસભામાં ૧૫૬ બેઠકો સાથે સત્તાના સૂત્રો સંભાળ્યા છે તેવી ભાજપની સરકારે પાંચ સ્તંભ આધારિત બજેટ રજૂ કર્યું છે. નાણાં મંત્રીએ પાંચ વર્ષમાં પાંચ સેકટરોમાં ૧૫ લાખ કરોડ ખર્ચવાના રૂપકડાં શબ્દોથી અલંકારિત વિઝન ડોક્યુમેન્ટ જાહેર કર્યા છે. બજેટમાં અમૃતકાળની વાતો થઈ છે, પરંતુ લોકોના ભાગે અમૃત આવ્યું નથી. ખેડૂતોના દેવાં કે યુવાનોને નોકરીના મુદ્દે બજેટમાં શૂન્યાવકાશ છે. જૂની પેન્શન યોજના શરૂ થવાના કર્મચારીઓના અરમાન પણ તૂટી ગયા છે.

રાજ્યમાં મોંઘવારીએ સીમાડા વટાવી દીધાં છે. પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટતા નથી. ખાદ્યતેલોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. અનાજ અને કઠોળના ભાવ દિવસ-રાત વધે છે. બેરોજગારી ઘટતી નથી. ખેડૂતોના પ્રશ્નો ઉકેલાતા નથી તેવા સમયે સરકારના ૨૦૨૩-૨૪ના વર્ષના બજેટમાં કેટલીક યોજનાઓ આભાસી દેખાઈ રહી છે. તીવ્ર ગતિએ વિકાસ થઈ રહ્યો હોવાના પોકળ દાવા થઈ રહ્યાં છે, પરંતુ લોકોનું જીવનધોરણ ઊંચુ આવતું નથી. કોરોના સંક્રમણના સમયમાં હાયર મિડલ ક્લાસ એ મિડલ ક્લાસની વ્યાખ્યામાં આવી ગયો છે, જ્યારે મિડલ ક્લાસ બીપીએલની રેખામાં અંકિત થયો છે.

વિધાનસભામાં સરકાર મોટા ઉપાડે જાહેરાતો કરે

## ગુજરાતમાં છેલ્લાં આઠ વર્ષમાં પોક્સોના ગુનામાં ૩૯૮.૫ ટકાનો વધારો થયો છે, આઠ વર્ષમાં પોક્સોના કુલ ૧૪,૫૨૨ ગુના નોંધાયા છે, જેમાંથી માત્ર ૨૩૧ ગુના જ પુરવાર થયા છે, બાળકીઓ પર દુષ્કર્મના કેસમાં આરોપીઓને સજા કરવાનો દર માત્ર ૧.૫૯ ટકા છે, વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં ૧૨,૬૪૭ કેસ પેન્ડિંગ હોવાનો આંકડો જાણવા મળ્યો છે...

છે, પણ પ્રજાકીય કામો પાછળ પૂરતો ખર્ચ પણ કરતી નથી. છેલ્લા બે વર્ષના આંકડા પરથી એવું તારણ બહાર આવ્યું છે કે બજેટમાં સરકારે વિવિધ વિભાગોમાં નાણાંકીય જોગવાઈ કરી તેના કરતાંય ઓછા નાણાં ફાળવ્યાં. એટલું જ નહીં સરકાર એક બાજુ સરકારી તાયફાઓ પાછળ કરોડોનો ધુમાડો કરે છે જ્યારે બીજી બાજુ પ્રજાલક્ષી કામો પાછળ પૂરતી રકમ વપરાય તે પ્રત્યે ઝાઝું ધ્યાન આપતી નથી. છેલ્લાં બે વર્ષના બજેટના આંકડા પરથી જાણવા મળે છે કે નર્મદા એ ગુજરાતની જીવાદોરી સમાન છે, ખેડૂતોથી માંડીને ગુજરાતની જનતાને, પાણીની તરસ દૂર કરવાની જેના માટે જવાબદારી છે તે નર્મદા વિભાગને સરકારે બજેટમાં જોગવાઈ કરી તેનાં કરતાં રૂ.૪,૪૪,૦૯૮ લાખ ઓછા ફાળવ્યા હતા. ભાજપ સરકારે યાત્રાધામ વિકાસ બોર્ડને બજેટમાં કરેલી જોગવાઈ કરતાં રૂ.૧૫,૬૬૪ લાખ ઓછા ફાળવ્યા હતા. ગુજરાતમાં ટૂરિઝમ વધારવા 'કુછ દિન તો ગુજારો, ગુજરાત મેં' સૂત્રનો પ્રચાર કરનારાઓએ પ્રવાસન વિભાગને રૂ.૧,૧૬,૬૩૮ લાખની ઓછી ફાળવણી કરી હતી. વાહન વ્યવહાર વિભાગને ૫૭,૪૫૬ લાખ, કૃષિ વિભાગમાં ૮૩,૦૩૩ લાખ, પશુપાલન રૂ.૫૩,૫૪૨ લાખ, ગ્રામ વિકાસ રૂ.૩,૩૨,૯૯૨ લાખ, શ્રમ રોજગાર રૂ.૫૯,૯૭૩ લાખ જેટલી રકમનો કાપ મૂક્યો હતો.

નાણાંની ઓછી ફાળવણી કર્યા પછીય વિવિધ વિભાગોમાં જે પ્રજાલક્ષી કામો કરાવાના હતાં તેની પાછળ પૂરતી રકમ ખર્ચાઈ નથી. શ્રમ, રોજગાર, કલ્પસર, સહકાર, કૃષિ, કાયદા અને ગ્રામ વિકાસ વિભગમાં લાખો રૂપિયા વણવપરાયેલા રહ્યા હતાં. આમ બજેટમાં સરકાર જાહેરાતો કરે છે પણ પ્રજા પાછળ નાણાં ખર્ચાતાં જ નથી, આ નાણાં લોકો માટે જો ન વપરાતા હોય તો શું આ કરોડો નાણાંનો ધુમાડો સરકારી તાયફાઓ પાછળ થાય છે ? મોટા ઉપાડે ફક્ત જાહેરાતો થાય છે.

**કરવેરા :** ગુજરાતમાં જંત્રીના દરોમાં બમણાં વધારા બાદ રાજ્યની પંચાયતો અને પાલિકાઓ વેરા વધારવા માટે તૈયાર થઈ ગઈ છે. રાજ્યના નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી પંચાયતોની કથળતી હાલત સુધારવા આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તેમની આવકના સાધન જાતે ઊભા કરવાના આદેશ પછી સ્થાનિક કક્ષાએ વિવિધ વેરાઓમાં વધારો થવાની શક્યતા છે. જો આમ થશે તો શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મધ્યમ વર્ગનું જીવન જીવવું મુશ્કેલ બની જશે. આર્થિક રીતે ખખડી ગયેલી સ્થાનિક સંસ્થાઓ તેમના વેરામાં વિક્રમી વધારો કરશે. રાજ્યના નાના શહેરો કે જ્યાં પાલિકાઓનું અસ્તિત્વ છે તેઓ તેમના વેરામાં વધારો કરી શકે છે. રાજ્યની સ્થાનિક સંસ્થાઓમાં ખર્ચ વધ્યો છે અને આવક ઘટી છે. ત્યારે તેમને કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ પર નિર્ભર રહેવું પડે છે. આ સંજોગો નિવારવા માટે સરકારે સૂચના આપી છે. આવી સંસ્થાઓ જ્યારે વેરા વધારશે ત્યારે સ્થાનિક નાગરિકો પર વધારાનો આર્થિક બોજો ઊભો થઈ શકે છે.

**શિક્ષણ :** શિક્ષણ એટલે વ્યક્તિમાં તાર્કિક શક્તિનો વિકાસ. માનવ વિકાસ સૂચકાંકમાં તળિયે જઈ રહેલા આપણાં દેશમાં કહેવા માટે તો લોકશાહી છે, પરંતુ અમીર-ગરીબ વચ્ચેનું અંતર વધતું જાય છે. ૨૦૧૪ પછી કેન્દ્ર અને ગુજરાત સરકારે કરોડો ગરીબોને, અજ્ઞાનતા અંધકારમાંથી બહાર કાઢી શકે કે ના કાઢી શકે પણ 'બાબાઓ' પોતાની 'અદૃશ્ય શક્તિ'થી ભૂરકી નાંખી લલચાવી રહ્યા છે. અનુચ્છેદ ૫૧ (એચ)માં પ્રત્યેક નાગરિકની 'વૈજ્ઞાનિક સમજણ અને તપાસ તથા સુધારણાની ભાવના વિકસિત કરવી બંધારણીય ફરજ છે.

શિક્ષકોની ભરતી અને ગ્રાન્ટ મામલે ગુજરાત

ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કેટલી હદે કથળી ગઈ છે. આ જોતાં કહી શકાય કે ગુજરાતમાં નાની બાળકીઓય હવે સલામત નથી. આંખે ઉડીને વળગે તેવી

સરકારની અણઘડ નીતિને કારણે સામાન્ય પરિવારના બાળકોને શિક્ષણ આપતી ધો.૯ થી ૧૨ની ગ્રાન્ટેડ શાળાઓનું હવે અસ્તિત્વ ખતરામાં છે. ગુજરાતમાં છેલ્લાં ૧૮ વર્ષમાં સરકારની શિક્ષણની ખાનગીકરણની નીતિને લીધે ૨,૬૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને કાયમી તાળાં વાગી ગયા છે. ૧૮ વર્ષ પહેલાં ૧૦,૦૦૦ જેટલી ગ્રાન્ટેડ સ્કૂલો હતી જે હવે ૭,૪૦૦ થઈ ગઈ છે. હાલમાં મોટી સંખ્યામાં દર વર્ષે સરકારી શાળાઓ શરૂ થાય છે, ત્યાં સ્ટાફ હોતો જ નથી તે પણ ગ્રાન્ટેડ શાળાઓ બંધ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. સરકારી શાળાઓને પરિણામ કે સંખ્યાનો નિયમ લાગુ પડતો નથી, જ્યારે ગ્રાન્ટેડ શાળાઓમાં શહેરમાં ૩૩ અને ગ્રામ્યમાં ૨૪ કરતાં ઓછી સંખ્યા હોય તો બંધ થાય છે. સરકારી શાળામાં બે કે ત્રણ વિદ્યાર્થી હોય તો પણ સ્કૂલ ચાલે જ્યારે ગ્રાન્ટેડ શાળામાં નિયમ કરતાં એકની ઓછી સંખ્યા હોય તો બંધ કરવી પડે.

**કાયદો-વ્યવસ્થા :** ગુજરાતમાં છેલ્લાં આઠ વર્ષમાં પોક્સોના ગુનામાં ૩૯૮.૫ ટકાનો વધારો થયો છે. આઠ વર્ષમાં પોક્સોના કુલ ૧૪,૫૨૨ ગુના નોંધાયા છે. જેમાંથી માત્ર ૨૩૧ ગુના જ પુરવાર થયા છે. બાળકીઓ પર દુષ્કર્મના કેસમાં આરોપીઓને સજા કરવાનો દર માત્ર ૧.૫૯ ટકા છે. વર્ષ ૨૦૨૧ના અંત સુધીમાં ૧૨,૬૪૭ કેસ પેન્ડિંગ હોવાનો આંકડો જાણવા મળ્યો છે. 'બેટી બચાવો, બેટી પઢાઓ'ની જાહેરાતો પાછળ કરોડોનો ખર્ચ કરાઈ રહ્યો છે, પણ આ દીકરીઓને ન્યાય અપાવવામાં સરકાર નિષ્ફળ રહી છે જે આ આંકડા પુરવાર કરે છે. આ આંકડા જ પ્રસ્થાપિત કરે છે કે


# KRUT SANKALP

Editor : Hasmukh Patel
Rajiv Gandhi Bhavan, Kochrab,
Ahmedabad- 380 006
Ph : 079-26578212/213,
Fax : 079-26579589
E/mail : krutsankalp1234@gmail.com

R.N.I. No. 70957/1998 G.A.M.C. No. 1720
Valid Up to : 31-12-2023

**FORM IV**

Statement about ownership and other particulars about newspaper AHMEDABAD KRUT SANKALP to be published as per Rule 8 of PRB Act.

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | Krut Sankalp Trust<br>Mangal Prabhat Building,<br>Nr. St. Xavier Highschool, Mirzapur,<br>Ahmedabad. |
| 2. | Periodicity of Publication | : | Fortnightly |
| 3. | Printer's Name | : | Payal Printers |
| | Nationality | : | Indian |
| | Address | : | Incometex, Ashramroad,<br>Ahmedabad.<br>E-mail : payalprinters404@gmail.com |
| 4. | Publisher's Name | : | Hasmukh Patel<br>Krut Sankalp Trust<br>Mangal Prabhat Building,<br>Nr. St. Xavier Highschool, Mirzapur,<br>Ahmedabad. |
| | Nationality | : | Indian |
| | Address | : | Krut Sankalp Trust<br>Mangal Prabhat Building,<br>Nr. St. Xavier Highschool, Mirzapur,<br>Ahmedabad. |
| 5. | Editor's Name | : | Hasmukh Patel |
| | Nationality | : | Indian |
| | Address | : | Gujarat Pradesh Congress Committee<br>Mangal Prabhat Building,<br>Nr. St. Xavier Highschool, Mirzapur,<br>Ahmedabad. |
| 6. | | : | N/A |

I Hasmukh Patel, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Hasmukh Patel
Publisher

Date : 1-03-2023

વાત તો એ છે કે નાની બાળકીઓ પર દુષ્કર્મની ઘટનામાં આરોપીઓને થતી સજાનો દર ખૂબ જ ઓછો છે. પરિણામે ગુનેગારોને પોલીસનો ડર રહ્યો જ નથી, ગુનેગારો બેખોફ બન્યા છે.

નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ ગુજરાતમાં વર્ષ ૧૭-૧૮માં ૧૪, ૨૦૧૮-૧૯માં ૧૩, ૨૦૧૯-૨૦માં ૧૨, ૨૦૨૧-૨૨માં ૨૪ કેદીના પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયા હતા. નેશનલ રાઈટ્સ કમિશન પ્રમાણે કસ્ટડીમાં લેવાયેલા સાક્ષીના મૃત્યુને પણ કસ્ટોડિયલ ડેથ ગણવામાં આવે છે.

**પર્યાવરણ :** સાબરમતી નદીમાં ફેલાઈ રહેલા ગંભીર અને જોખમી પ્રદૂષણ મુદ્દે હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેર હિતની અરજીની સુનાવણીમાં સાબરમતી નદીને દેશની સૌથી બીજા નંબરની પ્રદૂષિત ગણાવાતા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના રિપોર્ટને રેકર્ડ પર રજૂ કરવા હાઈકોર્ટે જીપીસીબીને હુકમ કર્યો હતો. હાઈકોર્ટના ધ્યાન પર આવ્યું હતું કે, કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયે નવેમ્બર-૨૦૨૨નો સીપીસીબીનો રિપોર્ટ સંસદમાં મૂક્યો હતો. તેમાં જણાવાયું હતું કે સાબરમતી નદી દેશની બીજા નંબરની પ્રદૂષિત નદી છે. સાબરમતી નદી ગાંધીનગરના રાયસણથી ધોકળાના વૌઠા સુધીના પટ્ટામાં સૌથી વધુ પ્રદૂષિત હોવાનું સામે આવ્યું હતું. આ પટ્ટામાં સાબરમતિ નદીનું પ્રદૂષણ તેના બાયો કેમિકલ ઓક્સિજન ડીમાન્ડ (બીઓડી) માપદંડ ૨૯૨ મિલીગ્રામ પ્રતી લિટર મળી આવ્યું હતું. જે ગંભીર અને ચિંતાજનક માપદંડ કહી શકાય.

**પ્રદૂષણ :** અમદાવાદમાં દિલ્હીની જેમ વાયુ પ્રદૂષણનું સ્તર ચિંતાજનક હદે પહોંચ્યું હતું. ઉદ્યોગો-વાહનોના ધુમાડાને લીધે, કચરો બાળવાને લીધે હવામાં ઝેરી રજકણોનું પ્રમાણ વધ્યું હતું. પરિણામે અમદાવાદમાં એર ક્વોલિટી ઇન્ડેક્સનો આંક ૧૭૦ પાર કરી ગયો હતો. કરોડો રૂપિયાનો ધુમાડો કર્યા બાદ પણ શહેરમાં શુદ્ધ હવા મળવી મુશ્કેલ બની છે. ઠેરઠેર થતાં બાંધકામોને કારણે પણ ઉડતી ધૂળ શુદ્ધ હવાને પ્રદૂષિત બનાવવાનું કામ કરી રહી છે. આખાય શહેરમાં એકેય વિસ્તાર એવો બાકી નહીં હોય જ્યાં વાયુ પ્રદૂષણનો આંક ૧૫૦થી ઓછો હોય.

**ભૂગર્ભ જળ :** ભવિષ્યમાં ગુજરાતમાં પાણી માટે વલખાં મારવા પડે એવી લાલબત્તી ધરતો ભૂગર્ભ જળની સ્થિતિ અંગેનો લેટેસ્ટ રિપોર્ટ કેન્દ્ર સરકારે બહાર પાડ્યો છે. કેન્દ્રીય રિપોર્ટ પ્રમાણે દર વર્ષે રાજ્યમાં ૨૬.૪૬ ક્યુબિક મીટર ભૂગર્ભ જળ રિચાર્જ થાય છે. તેમાંથી વાર્ષિક વપરાશ પાત્ર ભૂગર્ભ જળ ૨૪.૫૮ બિલિયન ક્યુબિક મીટર જથ્થો હોય છે. તેમાંથી ખેતીમાં, ઉદ્યોગોમાં તથા ઘરેલું વપરાશમાં મોટા ભાગના જથ્થાનું દોહન થતાં દર વર્ષે માત્ર ૧૨.૧૮ બીસીએમ જથ્થો ભવિષ્ય માટે ભૂગર્ભમાં સંઘરાઈ રહે છે. દર વર્ષે ભૂગર્ભમાં રિચાર્જ થતાં જથ્થા પૈકી ૫૩.૨૫ ટકા જથ્થાનું તો દોહન થઈ જાય છે. રાજ્યમાં સૌથી ગંભીર સ્થિતિ બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લામાં છે.

રાજ્યમાં ૧૩ તાલુકાઓ સંપૂર્ણ સેલાઇન ધોરણે ખારાશવાળા અને ૮૯ ટકા ફ્લોરાઇડવાળા છે. રિપોર્ટ એવું કહે છે કે રાજ્યના કુલ ૨૫૨ તાલુકાઓમાંથી ૨૨૭ તાલુકાઓના ભૂગર્ભ જળમાં પાણી રિચાર્જ થતું નથી. જ્યારે ૯ તાલુકાઓમાં ભૂગર્ભ જળની સ્થિતિ બગડતી જાય છે. આ નવ તાલુકાઓમાં વિજાપુર, જસદણ, ડેસોર, સિનોર, રાજુલા, વડોદરા, અમદાવાદ શહેર- દસક્રોઈ, વડગામ અને જોટાણા સમાવિષ્ટ છે.

વાસ્તવમાં દેશનું ભૂગર્ભ જળનું સ્તર ઝડપથી ઊંડે જવા લાગ્યું છે. કારણ કે કુલ વરસાદી જળ, તેમાંથી થતો સંગ્રહ અને વ્યવસ્થાપનની તુલનામાં કુલ વપરાશી જળનું પ્રમાણ બહુ મોટું છે. ગયા વર્ષે ઉનાળામાં નર્મદા સહિતના દેશના સંખ્યાબંધ જળાશયોના તળિયા દેખાવા લાગ્યા હતા. વપરાશી જળની માત્રા અધિક હોવાથી ભૂગર્ભ જળનું દોહન વધી ગયું છે. વૃક્ષનો પ્રચાર છે પણ પ્રજામાં વૃક્ષનો વિચાર નથી. હજુ જંગલો કપાતા રહે છે, હરિયાળી ચાદર સંકોચાતી જાય છે. ભવિષ્યની સરકારોએ વોટર ટેક્સ દાખલ કરવાના દિવસો આવશે, જે અત્યારના નળવેરા કે પાણીવેરા કરતાં અલગ અને ઊંચા દર ધરાવતા હશે. ■

**વાયદાનો અમૃતકાળ : ગુજરાત સરકારનું બજેટ એટલું સારું છે કે, જેટલું 'અચ્છે દિન'નું સૂત્ર સાંભળવામાં સારું લાગતું હતું.**

# હવે પીએમ મોદી અને ભાજપના સામ્રાજ્યમાં પ્રથમવાર મોટી તિરાડ દેખાવા લાગી છે

**વધુ વિનાશક ઘટના પીએમ મોદીને વધુ સીધી રીતે જોડે છે તે છે ઇન્ડિયન કોર્પોરેટ હાઉસ પર હિંડનબર્ગનો રિપોર્ટ- વાચાળ મૌન ધારણ કરવા છતાં વડા પ્રધાન મોદી તેની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી, સરકાર આ કોર્પોરેટ ગૃહને તરછોડી શકે તેમ નથી કે તેનો બચાવ પણ કરી શકે તમે નથી**

**લોકતાંત્રિક** રાજનીતિ મોટાભાગે આગાહીક્ષમ અને નિર્ધારીત હોય છે. તેનાથી વિપરીત પેટા-લોકતાંત્રિક રાજનીતિના વિવિધ સ્વરૂપ અનિશ્ચિતતા અને નાટકીય રીતે સભર હોય છે. જેમ જેમ ભારત પેટા-લોકતાંત્રિક માર્ગ પર આગળ વધી રહ્યું છે, તેમ તેમ એવું લાગે છે કે, આ નાટકની એક ક્ષણ ક્ષિતિજ પર ડોકિયું કરી રહી છે. આ નાટકમાં બે બાબતો જોવા મળી રહી છે - એક તો શાસનનાં સમર્થકોના મનમાં શંકા અને બીજું નેતૃત્વમાં દહેશતનો અંશ જોવા મળી રહ્યો છે.




વર્તમાન શાસન ત્રણ નક્કર આધાર પર આધારિત છે. એક ઘાતક અને સક્રિય સંસ્થાકીય તાકાત જે ભાજપ તરીકે ઓળખાય છે. બીજું વડા પ્રધાનની અસામાન્ય વિરાટ આભા અને જીવનથી પણ મોટી છબી. ત્રીજું લોકપ્રિય આકર્ષણ અને રાજનીતિ તેમજ શાસનની બહુમતવાદી અને આપખુદી રાજનીતિની શૈલી માટે સમર્થન.

આમાંથી પ્રથમ આધાર ૨૦૧૪ બાદ લગભગ બંને કાર્યકાળ બાદ પણ ઓછાવત્તા અંશે અસ્તિત્વમાં છે. ઉંમર વધવાના અને થાકના સંકેત ટોચના નેતૃત્વમાં દેખાવાનું શરૂ થઈ ગયું છે અને વર્તમાન સમર્થકોમાં ભાજપની લોકપ્રિયતા કેટલીક હદે 'સામાન્ય' થવા લાગી છે.

ભાજપની તરફેણમાં પ્રજાની લાગણીના સામાન્યીકરણ સમજવા માટે આપણે સૌ પ્રથમ ભાજપના '૧૪૦ કરોડ'ના બનેલા વિશિષ્ટ સમૂહોને અલગ પાડવાની જરૂર છે કે જેઓ શાસન દ્વારા અપનાવવામાં આવેલા વિચારો અને આચરણની વિરુદ્ધ છે. આજકાલ અપશબ્દો પ્રયોજવાના સમયમાં આપણે તેમને 'છદ્મ ધર્મનિરપેક્ષો અને રાષ્ટ્ર વિરોધીઓ' તરીકે ગણાવીશું. તેમની સંખ્યા બહુ નથી અને તેમના અવાજનો પ્રભાવ છે એવું માનવામાં આવતું નથી.

અતિ આત્મવિશ્વાસમાંથી ઉદ્દભવેલી અસહિષ્ણુતા આ વર્ગોને વધુ ને વધુ પરેશાન કરે છે, પરંતુ તે રાજકીય રીતે બિનજરૂરી છે. આ પરિપ્રેક્ષ્યના બીજા છે કે જેમને રાજકીય પરિભાષામાં 'ભક્તો' કહેવામાં આવે છે જેઓ ભાજપના પાયદળના સૈનિકો છે. આ સમૂહો છેલ્લાં દાયકાથી જ્યાં હતા ત્યાં જ વત્તા-ઓછા અંશે ટકી રહ્યાં છે અને તેથી રાજકીય માહોલમાં પરિવર્તન તેમના પર બહુ આધારિત નથી.

આ બંને ચરમસીમા વચ્ચે એવા લોકોનો એક વર્ગ છે જેઓ અવિશ્વાસને ફગાવી દેવા અને ચમત્કારોને માની

લેવા તૈયાર છે. તેઓ સામાજિક કે વૈચારિક રીતે ભાજપના મૂળ મતક્ષેત્રમાંથી નથી, પરંતુ તેઓ કપોળ-કલ્પિત પ્રયુક્તિઓથી અને નવા સહસ્ત્રાબ્દમાં પરિણામો દર્શાવવાની વાતોથી આકર્ષાય છે. તેઓ હાડમારીની દશામાં રહે છે અને પોતાની યાતનાઓ અને પીડાના બદલામાં તેઓ ખલનાયકો અને શત્રુઓ સામે લડવા તૈયાર છે. તેઓ માત્ર આશાવંત અને આશાસ્પદ છે. જેઓ પોતાની આત્મવંચનાથી એવું માને છે કે વર્તમાન સદીનો બાકીનો સમય મોદીના કારણે ભારતનો છે. પોતાની અંગત સ્થિતિ સુરક્ષિત રાખીને તેઓ રાષ્ટ્રીય ગરિમા અને આર્થિક સત્તાની વાત કરે છે. ચાલો આપણે તેમને 'પથભ્રષ્ટ' કે 'છદ્મ રાષ્ટ્રવાદીઓ' તરીકે ગણાવીએ, તેઓ અભિપ્રાય નિર્માતા છે.

શાસક પક્ષ વારંવાર સ્વર્ણિમ કાળ કે અમૃતકાળના સ્વપ્નો દોહરાવ્યે રાખે છે અને તેથી આ સપનાંઓનું આકર્ષણ પણ હવે ઓસરવા લાગશે. આ રણનીતિ હવે શાસક પક્ષ માટે બહુ કારગત નહીં નીવડે. આ રાષ્ટ્રવાદીઓ હવે તેમનો ઉત્સાહ ગૂમાવવાના આરે છે. તેમનું સમર્થન શેરબજારમા ઉતાર-ચઢાવની માફક આગાહીક્ષમ નથી. જો અર્થતંત્રમાં પ્રાણ ફૂંકાશે નહીં અને બજારમાં પતનના સંકેતો ચાલુ રહેશે તો આ સમર્થક વર્ગ પણ હવે શાસક પક્ષ અને તેના નેતૃત્વનાં ગુણગાન ગાવાનું બંધ કરશે. આ બે ઘટનાઓ ઘટશે તો આપણે નવી રાજકીય સંભાવનાનાં દ્વિ-ભેટે આવીને ઊભા રહીશું.

છેલ્લાં થોડાં વર્ષોથી ડિસેમ્બર મહિનો અનેક સંભાવનાઓથી સભર જોવા મળ્યો છે અને ત્યારબાદ નવા વર્ષમાં અનેક નવી તિરાડો જોવા મળી છે. જી-૨૦ના અધ્યક્ષપદ મામલે હંગામા વચ્ચે ત્રણ ઘટનાઓ ઘટી છે અને વડા પ્રધાન મોદી તેનો જવાબ આપવા માટે પૂરતા પ્રમાણમાં સુસજ્જ જણાતાં નથી.

પ્રથમ ઘટના ઘરેલું રાજનીતિની છે. 'ભારત જોડો યાત્રા' સંપન્ન કરવામાં રાહુલ ગાંધીની ધીરજ અને મહેનતથી ભાજપ ખળભળી ઉઠ્યો છે. વર્ષોના ટ્રોલિંગ અને પ્રતિભા-ખંડનથી ભાજપમાં સુરક્ષાની ભાવના ઊભી થઈ હતી, પરંતુ રાહુલ ગાંધીએ આ સુરક્ષાની ભાવનાના મૂળિયાને હચમચાવી નાખ્યા છે. 'ભારત જોડો યાત્રા'એ ચોક્કસપણે ભાજપ સામે અન્ય કોઇના એજન્ડાને પ્રતિસાદ આપવાનો પડકાર ફેંક્યો છે.

વડા પ્રધાન મોદી ભારત જોડો યાત્રાની મક્કમતા અને પરિણામને સર્વગ્રાહી પ્રતિસાદ આપવામાં નિષ્ફળ ગયા છે. બીજી ઘટના બીબીસી ડોક્યુમેન્ટરીની છે. સરકારે ઝડપથી ગુપચુપ રીતે ડોક્યુમેન્ટરી પર પ્રતિબંધ મૂકવાનું પસંદ કર્યું (ત્યારબાદ શંકાસ્પદ ઇન્કમટેક્સની કાર્યવાહી હાથ ધરાઈ.) વિડંબના એ વાતની છે કે આ ડોક્યુમેન્ટરી મુખ્યત્વે છદ્મ-ધર્મનિરપેક્ષો-રાષ્ટ્ર વિરોધીઓ નિહાળવાના હતા, પરંતુ સરકારે તેના પર પ્રતિબંધ મૂકીને ડોક્યુમેન્ટરીને વધુ પ્રસિદ્ધિ આપી અને વિપક્ષોને પોતાના પર પ્રહાર કરવા માટે અનેક શસ્ત્રો આપ્યા.

ત્રીજી અને વધુ વિનાશક ઘટના પીએમ મોદીને વધુ સીધી રીતે જોડે છે તે છે ઇન્ડિયન કોર્પોરેટ હાઉસ પર હિંડનબર્ગનો રિપોર્ટ- વાચાળ મૌન ધારણ કરવા છતાં વડા પ્રધાન મોદી તેની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. સરકાર આ કોર્પોરેટ ગૃહને તરછોડી શકે તેમ નથી કે તેનો બચાવ પણ કરી શકે તમે નથી. જો કે, સરકાર આ બાબતમાં છળપકટ અપનાવી શકે છે, મુદ્દા પરથી ધ્યાન ભટકાવવા ન્યાયિક પ્રક્રિયાનો દુરુપયોગ કરી શકે છે અને કેટલોક સમય ટીકાઓ અને પ્રશ્નોનો જવાબ નહીં આપીને પ્રિસાઇડિંગ અધિકારીઓ અને તેમના નિર્ણયો પાછળ છુપાઈને અદાણી પ્રકરણ પરના મુખ્ય અને મહત્વના સવાલોને ટાળીને સ્વયંને બચાવી શકે છે, પરંતુ અદાણી પ્રકરણમાં વડા પ્રધાને પ્રથમવાર સ્વયંને નિર્બળ તરીકે દેખાવાની મંજૂરી આપી દીધી છે.

અન્યો પર આધારિત અને પ્રતિભા તેમજ અપપ્રચાર પર હવા ભરીને નિર્માણ કરવામાં આવેલ સામ્રાજ્યનો દમન અને પરિહાર સાથે બચાવ કરવો મુશ્કેલ છે. રાજકીય દક્ષતા તેને જાહેર તપાસથી અલગ કરી શકે નહીં. વડા પ્રધાનની હતાશામાં એક ક્ષણના સંકેતોને વાંચી શકાશે જ્યારે મોદી અને તેમના ભાજપ દ્વારા નિર્મિત વર્ચસ્વવાદી સામ્રાજ્યમાં પ્રથમ તિરાડ જોવા મળી રહી છે.

**- સુહાસ પલશિકર**

(સૌજન્ય : 'ધી ઇન્ડિયન એક્સપ્રેસ)

# વિધાનસભામાં રેકોર્ડ બહુમતીથી જીત્યા બાદ માધવસિંહ મુખ્યમંત્રીપદ ગુમાવે છે...

## ૧૯૮૫ના માર્ચ મહિનામાં યોજાયેલી સાતમી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં માધવસિંહની આગેવાની હેઠળ કોંગ્રેસે પોતાનો જ રેકોર્ડ તોડ્યો, કોંગ્રેસને ૧૮૨માંથી ૧૪૯ બેઠકો મળી

**બાબુભાઈના** બીજા શાસનકાળ દરમિયાન નર્મદા જળવિવાદનો ચુકાદો જાહેર થયો. ૧૯૭૯ના અંતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો અને ફેબ્રુઆરી, ૧૯૮૦માં ઈન્દિરાજીએ બાબુભાઈની સરકારને બરતરફ કરી રાષ્ટ્રપતિ શાસન લાદ્યુ. એ પછી મે, ૧૯૮૦ના અંતે યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસનો ૧૪૧ બેઠકો સાથે વિજય થયો. ૬ જૂન-૧૯૮૦ના રોજ માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી બન્યા. માધવસિંહભાઈના મંત્રીમંડળે એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો.



ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ મંત્રીમંડળની પાંચ વર્ષની મુદત પૂરી કરી. ત્યાર બાદ ૧૯૮૫ના માર્ચ મહિનામાં યોજાયેલી સાતમી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં માધવસિંહની આગેવાની હેઠળ કોંગ્રેસે પોતાનો જ રેકોર્ડ તોડ્યો. કોંગ્રેસને ૧૮૨માંથી ૧૪૯ બેઠકો મળી.

સત્તા પર આવતાની સાથે જ તેમણે રૂ.૫,૦૦૦ની આવકવાળા કુટુંબને અડધા ભાવે સસ્તુ અનાજ આપવાની યોજના અમલમાં મૂકી તો બીજી બાજુ અનામત વિરોધી આંદોલન ઉગ્ર બન્યું. માધવસિંહે રાણેપંચની અનામતની ભલામણને એક વર્ષ માટે મોકૂફ રાખવાની જાહેરાત કરી છતાં આંદોલન ન શમ્યું. અમદાવાદમાં હિંસક તોફાનો ફાટી નીકળતા લશ્કર બોલાવાયું.

પોલીસે સખત હાથે તોફાનો ડામવાના પ્રયાસો કર્યા, અમદાવાદમાં એક અગ્રણી અખબારે પોલીસ દમનના સમાચારોને વિશેષ મહત્વ આપ્યું. આથી રોષે ભરાયેલા પોલીસનાં ટોળાંએ એ અખબારના પ્રેસને આગ લગાડી. જૂન-૧૯૮૫માં તોફાનો એકદમ વકર્યાં એક જ વિસ્તારના ૨૩ ઘરોને આગ લગાડાઈ, અનેક માણસો એ આગમાં શેકાઈને મર્યાં.

અનામત આંદોલનના અગ્રણીઓ કોઈ રીતે મચક આપતા ન હતા. હિંસા વધતી જતી હતી. આખરે કેન્દ્ર સરકારે મુખ્યપ્રધાન પદેથી માધવસિંહને ખસેડવાનો નિર્ણય લીધો. ૧૯૮૫ની જુલાઈની ૬ઠ્ઠી તારીખે માધવસિંહને રાજીનામું આપવું પડ્યું અને આદિવાસી નેતા અમરસિંહભાઈ ચૌધરી મુખ્યપ્રધાન બન્યા.

અમરસિંહભાઈ ચૌધરીને તકદીરે મુખ્યમંત્રીની ગાદી પર તો બેસાડ્યા પણ કોંગ્રેસની આંતરિક જૂથબંધી તેમને ઠરીઠામ થવા દે તેમ નહોતી. પરિણામે પોલીસ આંદોલન હોય કે રાજ્યના કર્મચારીઓનું આંદોલન હોય અમરસિંહભાઈ કડકાઈથી કામ ના લઈ શક્યા અને એક નબળા મુખ્યમંત્રી તરીકે પ્રસ્થાપિત થયા. પરિસ્થિતિ એટલી હદ સુધી વકરી કે છેલ્લા છ મહિનાનો કાર્યકાળ

બાકી હતો ત્યારે અમરસિંહભાઇને ગાદી છોડવી પડી અને માધવસિંહભાઈ એકવાર ફરી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. હજુ ૧૯૮૫ની ૭મી વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૯ બેઠકો સાથે ચૂંટાઈ આવનાર કોંગ્રેસનો ૧૯૯૦ની ૮મી વિધાનસભાની ચૂંટણીમાં સફાયો થઈ જશે એવું કોઈ પણ માનવા તૈયાર ના હોય.

આમ, પોતાના મુખ્યમંત્રીકાળ દરમિયાન કોંગ્રેસમાં વકરેલી આંતરિક ફૂટફાટ, ઈન્દિરાજીની ગેરહાજરી- આ બધાં કારણોને લઇને મારા મત પ્રમાણે મોગલ સામ્રાજ્યના છેલ્લા બાદશાહ બહાદુરશાહ ઝફરની માફક અમરસિંહ ચૌધરી પણ 'પ્રીસાઇડેડ ઓવર, લિક્વિડેશન ઓફ કોંગ્રેસ.'

**અમરસિંહભાઇ ચૌધરી નસીબના બળિયા, બગાસું ખાતા પતાસું મોમાં પડ્યું...**



અમરસિંહભાઇના નસીબ આડેથી જાણે પાંદડું ખસી ગયું હતું અને જતાં જતાં પહેલી અને છેલ્લીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનું વિજયતિલક એમના કપાળે કરતું ગયું હતું. અમરસિંહભાઇ ચૌધરી ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૮૫ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. ગુજરાતના ત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી બનવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું.

અમરસિંહભાઈની સ્વાભાવિક રીતે જ પહેલી પ્રાથમિકતા રાજ્યમાં શાંતિ સ્થાપવાની હતી. માધવસિંહની સરકારે કરેલો અનામતમાં ૧૮ ટકાનો વધારો તેમણે સ્થગિત કર્યો. તેમણે હાથ ધરેલ આંદોલનકારીઓ સાથેની વાટાઘાટો સમાધાન તરફ દોરી જતા ૧૮મી જુલાઈએ અનામત આંદોલનનો અંત આવ્યો.

સરકારી નોકરિયાતો પણ વિવિધ પ્રશ્નોને લઈને સરકાર સામે જંગે ચડ્યા હતા. તેમના આંદોલનનો અંત ૧૮મી ઓગસ્ટે આવ્યો. ૧૯૮૬માં રથયાત્રા દરમિયાન અમદાવાદમાં કોમી તોફાનો થયા, જેમાં ૫૬ માણસોનાં મૃત્યુ થયા. આમ છતાં ૧૯૮૭માં તેમણે હિંમતભેર રથયાત્રાની પરવાનગી આપી અને જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો અને રથયાત્રા શાંતિપૂર્ણ પૂરી થઈ.

એમની મુખ્યમંત્રીની કારકિર્દી દરમિયાન ગુજરાતને ચિરકાલીન લાભ મળતો થાય તે માટે નર્મદા યોજનાનું અમલીકરણ ઝડપી બનાવવા ૧૯૮૮માં તેમણે સરદાર સરોવર નર્મદા નિગમની રચના કરી અને નર્મદા યોજનાના અમલીકરણની શરૂઆત યોગ્ય રીતે થાય તેમજ ગુજરાતની જીવાદોરી સમાન આ યોજનાનો પાયો મજબૂતાઈથી નખાય તે માટે સનત મહેતા જેવા હોશિયાર અને અભ્યાસુ નેતાની તેના પહેલા ચેરમેન તરીકે નિયુક્તિ કરી. જેનો આરંભ સારો તેનું બધું સારું એ ન્યાયે સનતભાઈની નર્મદા નિગમના અધ્યક્ષ તરીકે વરણી અને એમની સાથે પી.એ. રાજ, એન.ડી. દેસાઈ, જી.ડી. પટેલ, શૈલેષ જે. દેસાઈ, સોની જેવા કાબેલ ઇજનેરોની નર્મદા નિગમમાં વરણીને આ યોજનાની ઉત્તમ શરૂઆત માટેના પાયાના પરિબળો ગણી શકાય.

અમરસિંહભાઇના શાસનકાળ દરમિયાન ૧૯૮૫-૮૬ અને ૧૯૮૬-૮૭ એમ સતત બે વરસ દુષ્કાળના રહ્યા. રાજ્યના અમુક વિસ્તારોમાં તો દુષ્કાળ વધુ લંબાયો અને સતત ત્રણ વર્ષ સુધી રહ્યો. અમરસિંહભાઇની સરકારે અથાક પરિશ્રમ કરી પશુઓને બચાવવા ઢોરવાડા ચલાવ્યા, દુષ્કાળપીડિત માનવોને અનાજ પૂરું પાડ્યું અને ધંધા વગેરેની રાહત આપી.

આવી જ એક મહત્વની ઘટનામાં ૧૯૮૮માં પોલીસ યુનિયનની માન્યતા રદ કરી કડક હાથે પોલીસ

બળવાને શાંત પાડ્યો તેમજ નર્મદામાંથી પીવાના પાણીની પાઈપલાઈન યોજનાને મંજૂરી આપી. આમ, અમરસિંહભાઈનો કાર્યકાળ મિશ્ર ફળ આપનાર રહ્યો, એમ કહીએ તો અતિશયોક્તિ નથી લાગતી.

અમરસિંહભાઈ મારી કૉલેજના વિદ્યાર્થી હતા, સિવિલ એન્જિનિયર હતા એને કારણે અમારી મિત્રાચારી. માણસ હસમુખો, સાથે સાથે અમરસિંહભાઈમાં ક્યાંક માનવીય કે વહીવટી ઉણપો રહી હશે પણ સહૃદયતા અને જેની સાથે સંબંધ રાખે તે નિભાવવાની ટેવ એ અમરસિંહભાઈનું જમા પાસું હતું.

**ચીમનભાઈ પરિવાર - રાજકીય કારકિર્દીની ચઢઉતર**



રાજકારણમાં કોઈ કાયમી મિત્ર નથી અથવા કોઈ કાયમી દુશ્મન નથી તે ઉક્તિ ઘણી વાર સાચી પડી છે. કોંગ્રેસના કાર્યકાળ દરમિયાન ચીમનભાઈને હાંકી કાઢવામાં આવ્યા હતા એ જ કોંગ્રેસ કેટલાક સ્થાનિક કોંગ્રેસી નેતાઓ આ જ નિર્ણયની વિરુદ્ધ હોવા છતાં તેમની સરકારને ટેકો આપતી હતી. આગળ જતાં નરસિંહરાવ અને અહેમદ પટેલના પ્રયાસોથી ચીમનભાઈના જનતાદળનું કોંગ્રેસમાં વિલીનીકરણ થયું.

૧૯૯૧માં જામનગરની બેઠક પરથી લોકસભાની ચૂંટણી હારી ગયેલા ચીમનભાઈના પત્ની ઊર્મિલાબેનને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા, એટલું જ નહીં પણ આગળ જતા તેમના દીકરા સિદ્ધાર્થે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું અધ્યક્ષપદ પણ સંભાળ્યું. આમ સમગ્ર ચીમનભાઈ પટેલ પરિવારની ઘરવાપસી થઈ ગઈ. આગળ જતાં ૧૭, ફેબ્રુઆરી-૧૯૯૪ન દિવસે જ્યારે રાજ્યસભાની ચૂંટણી માટેનું મતદાન થવાનું હતું ત્યારે વધુ પડતા સ્ટ્રેસ અને દોડધામથી થાકેલા ચીમનભાઈ પટેલ હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા.

બહુ જ થોડો સમય મુખ્યમંત્રીપદે રહેલા ચીમનભાઈ પટેલ જ્યારે જ્યારે મુખ્યમંત્રી બન્યા તેમને એક યા બીજી ગોઠવણી કરવામાં જ મોટા ભાગનો સમય વીતાવવો પડ્યો. તેમના પક્ષના ધારાસભ્યો ચીમનભાઈનું કાંડું આમળવામાં જરાય શરમાતા નહોતા.

આ બધી વળગણ ના હોત અને ચીમનભાઈ પટેલને નિરાંતે ગુજરાતનું રાજ્ય સંભાળવાનો મોકો મળ્યો હોત તો કદાચ એમનો કાર્યકાળ ગુજરાતના શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે વખણાયો હોત, પણ પહેલી વાત, શ્રીમતી ઇન્દિરા ગાંધીની નારાજગી અને બીજી વાત, રાજ્યસભાની ચૂંટણી માટે સખત પરિશ્રમ અને સ્ટ્રેસ છતાં જયંતિલાલ વી. શાહ હારે તેવી પરિસ્થિતિ ચીમનભાઈને સતત ટેન્શનમાં રાખવા માટે જવાબદાર હતી. આ ખુદ્દાર માણસે પોતાની બહુમતી ના જાય તે માટે જનતાદળ ગુજરાતના તેમજ કોંગ્રેસના કેટલાંક ધારાસભ્યોને જાળવી રાખવા અને દિલ્હીને ચૂંટણીફંડની મદદ કરવા માટે કેટકેટલા સમાધાનો કર્યા હશે અને મૂંગા મોઢે કેટલી વેદનાઓ વેઠી હશે તેનો અંદાજ આ લેખક જ્યારે ૧૯૯૦ થી ૧૯૯૫, ચીમનભાઈના મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન સાથી ધારાસભ્ય હતા (અલબત્ત, વિરોધ પક્ષના) ત્યારે એમણે અનુભવ્યું છે. ક્યારેક કેટલાંક પ્રસંગો મારી જાણમાં આવ્યા છે.

ચીમનભાઈને મેં એક સક્ષમ વહીવટદાર (એડમિનિસ્ટ્રેટર), રાજકારણના અઠંગ ખેલાડી, સરકારી તંત્રના નાનામાં નાના કળપૂર્જાને જાણનાર, ઉત્તમ વક્તા, ચાણક્યબુદ્ધિ આ બધા ઉપરાંત પોતાનો પક્ષ હોય કે વિરોધપક્ષ, વ્યાજબી પ્રશ્ને કોઈ પણ ધારાસભ્યને સાંભળી મદદ કરનાર એક હૂંફાળા સ્વભાવના માણસ તરીકે ઓળખ્યા છે.

એમની તકદીરમાં કદાચ યશ નહીં લખાયો હોય, એમણે પોતાનો એક પણ કાર્યકાળ પૂરો ના કર્યો અને ઉપરથી ખૂબ મોટી બદનામી એમના માથે ઢોળાઈ. શું ચીમનભાઈ એકલા જ આ બધાં માટે જવાબદાર હતા ? ■

# ભાજપ સરકારની બીબીસીને નિર્લજ્જ ધાકધમકી

## વર્ષ ૨૦૨૧માં ડિજિટલ ન્યૂઝ ઓર્ગેનાઇઝેશન ન્યૂઝલોન્ડ્રી પર દરોડા પાડવામાં આવ્યાં હતાં, ૨૦૧૭માં એનડીટીવી પર સીબીઆઇએ દરોડા પાડ્યા હતા અને ૨૦૨૧માં ડિજિટલ પોર્ટલ 'ન્યૂઝ ક્લિક' પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા અને 'દૈનિક ભાસ્કર ગ્રૂપ' પર ઇન્કમટેક્સ વિભાગ દ્વારા દરોડાં પાડવામાં આવ્યા હતા'

**બીબીસી**નાં નવી દિલ્હી અને મુંબઈ સ્થિત કાર્યાલયોમાં ઈન્કમટેક્સ (આઈટી) વિભાગનાં બે દિવસીય સર્વેક્ષણને બ્રિટનના આ જાણીતાં જાહેર બ્રોડકાસ્ટર અને વર્તમાન શાસનને તેની ભૂતકાળની હરકતો માટે જવાબદાર ઠરાવવા માગતી મીડિયા સંસ્થાઓને ડરાવવાની કોશિશ તરીકે નહીં જોવી મુશ્કેલ છે. સર્વેક્ષણ કરનારા અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ 'ટ્રાન્સફર પ્રાઈસિંગ' અને 'નફાને અન્યત્ર વાળવાના' આરોપની તપાસ કરી રહ્યાં હતાં. જો કે હકીકત એવી છે કે આ કાર્યવાહી બે ભાગવાળી ડોક્યુમેન્ટરી ''ધી ઈન્ડિયા : ધ મોદી ક્વેશ્ચન'' રીલીઝ કરવાના સંદર્ભમાં કરવામાં આવી હોવાથી અનેક મહત્ત્વપૂર્ણ સવાલો ઉઠાવે છે, મૂળભૂત રીતે હિસાબી નાણાંકીય સર્વેક્ષણની અ કાર્યવાહીમાં પત્રકારોને પણ સાંકળવાની આ કવાયતને મીડિયા કર્મીઓને ડરાવવા-ધમકાવવાની એક હરકત હોવાનું સમજી શકાય છે.




આ ઉપરાંત આ બધું માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહીના પગલે કરવામાં આવ્યું છે. મંત્રાલયે થોડા સમય પહેલાં જ આઈટી રૂલ્સ, ૨૦૨૧ અને આઈટી એક્ટ, ૨૦૦૦ની કલમ-૬૯-એ હેઠળ 'ઈમર્જન્સી' સત્તાનો ઉપયોગ કરીને ઓનલાઈન મીડિયા પ્લેટફોર્મ્સને આ ડોક્યુમેન્ટરીનાં પ્રથમ ભાગની લિંકને ડિસેબલ કરવા માટે અતિ ઉત્સાહમાં આવી જઈને આદેશ જારી કર્યા હતાં અને પાછળથી તેની સાથે જોડાયેલ લિંકવાળા ટ્વીટને બ્લોક કર્યું હતું. ભાજપના પ્રવક્તાઓની પ્રતિક્રિયા એવી છાપને વધુ મજબૂત કરે છે કે આ તમામ કાર્યવાહી એક ક્રિટિકલ મીડિયા સંસ્થા દ્વારા કરવામાં આવેલ કાર્યને ગેરકાયદે જાહેર કરવાનો એક પ્રયાસ માત્ર છે.

ભાજપના એક પ્રવક્તાએ તો બીબીસીને 'ભ્રષ્ટાચારી' કોર્પોરેશન સુધી કહ્યું હતું. જો ભૂતકાળમાં કરવામાં આવેલી આ પ્રકારની કવાયત પર ધ્યાન આપવામાં આવે તો બીબીસી વિરુદ્ધ કરાયેલ સર્વેક્ષણ કોઈ અપવાદ નથી. વર્ષ ૨૦૨૧માં ડિજિટલ ન્યૂઝ ઓર્ગેનાઈઝેશન ન્યૂઝલોન્ડ્રી પર દરોડા પાડવામાં આવ્યાં હતાં. ૨૦૧૭માં એનડીટીવી પર સીબીઆઈએ દરોડા પાડ્યા હતા અને ૨૦૨૧માં ડિજિટલ પોર્ટલ 'ન્યૂઝ ક્લિક' પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા અને 'દૈનિક ભાસ્કર ગ્રૂપ' પર ઈન્કમટેક્સ વિભાગ દ્વારા દરોડાં પાડવામાં આવ્યા હતા.'

ગઈસાલ ડિજિટલ મીડિયા ફંડિંગ સંસ્થા 'ઈન્ડિપેન્ડેન્ટ' અને પબ્લિક સ્પિરીટેડ મીડિયા ફાઉન્ડેશન અને ધ થિંક ટેન્ક, સેન્ટર ફોર પોલીસી રિસર્ચ પર પણ આ પ્રકારના સર્વેક્ષણની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બધી કાર્યવાહીમાં શંકાથી પર અને અસભ્ય બાબત એ છે કે આ બધા મીડિયા સંગઠનોએ કેન્દ્ર સરકારની

## બીબીસી પર ટેક્સ-સર્વે જેવી કાર્યવાહીનો મકસદ થરથરાવી મૂકે તેવા ડરનો માહોલ ઊભો કરવાનો છે...

આલોચના કરતી સામગ્રી પ્રસિદ્ધ કરી હતી.

એક ‘વૈશ્વિકૃત’ દુનિયામાં એક વિકાસશીલ રાષ્ટ્ર અને ઉભરતા અર્થતંત્ર તરીકે ભારતનો દાવો એ છે કે તે સંવૈધાનિક રીતે ખાતરીબદ્ધ સંસ્થાગત સ્વતંત્રતા અને સત્તાઓ પૃથ્થકરણથી સજ્જ એક સમૃદ્ધ લોકતંત્ર છે અને એવા આપખુદી શાસનથી વિપરીત છે કે જેમણે આર્થિક સમૃદ્ધિને તો પ્રોત્સાહિત કરી છે, પરંતુ સંસ્થાકીય નિયમો અને મૂલ્યોની બાબતે શિથિલ છે અને તે પ્રમાણે કામ કરતા નથી.

આવો દાવો કરતા સત્તામાં બેઠેલા લોકોને જવાબદાર ઠરાવનાર આ પ્રકારનો અખબારી સ્વાતંત્ર્યનો વિચાર ધરાવે છે. મીડિયા સંગઠનો પ્રતિકૂળ પ્રશ્નો ઉઠાવે તો પણ તેવા પ્રશ્નોના જવાબ હકીકતલક્ષી, તર્કસંગત અને પ્રમાણબદ્ધ હોવા જોઈએ.

બીબીસી ડોક્યુમેન્ટરીના કિસ્સામાં પ્રતિક્રિયા ભલે ગમે તે રહી હોય, પરંતુ તે હકીકતલક્ષી, તર્કસંગત અને પ્રમાણબદ્ધ તો કદાપિ નથી. બીબીસી ડોક્યુમેન્ટરીની પહોંચને બ્લોક કરવાના પ્રયાસમાં સરકાર અણઘડ તરીકે અને હવે બીબીસીના કાર્યાલયોમાં આ સર્વેક્ષણથી એક ડરાવનારી-ધમકાવનારી સરકાર તરીકે સામે આવી છે.

આ પ્રકારની કાર્યવાહી ભારતની વૈશ્વિક છબી માટે સારું ભાવિ ભાખતી નથી, પરંતુ તેનાથી વધુ ખરાબ વાત એ છે કે તે દેશના નાગરિકોની વર્તમાન સ્વતંત્રતા અને આઝાદી માટે એક સ્પષ્ટ ખાતરી સમાન છે. ■

(સૌજન્ય : ‘ધ હિન્દુ’)


## સોશ્યલ મીડિયા...









## સરકારી તાયફાઓ પાછળ કરોડોનો ધુમાડો, લોકો પાછળ નહીં

# બજેટમાં સરકારે જાહેરાતો કરી પણ પ્રજા પાછળ નાણાં જ ખર્ચ્યાં નહીં

### રાજ્યના વાહન વ્યવહાર વિભાગમાં સૌથી વધુ રકમ વણવપરાયેલી રહી

| વિભાગ | ૨૦૧૯-૨૦૨૦ | ૨૦૨૦-૨૦૨૧ | બજેટ કરતાં બે વર્ષમાં ઓછી ફાળવણી | બે વર્ષમાં વણવપરાયેલી રકમ(લાખમાં) |
|---|---|---|---|---|
| ઉદ્યોગ વિભાગ | રૂા.૫૩૩૩૧૧૧૨ | રૂા.૬૩૭૯૩૦ | ૦ | રૂા.૧૩૪૪૩૧ |
| નર્મદા વિભાગ | રૂા.૪૦૦૫૦૦ | રૂા.૩૦૫૪૦૦ | રૂા.૪૪૪૦૯૮ | રૂા.૨૦૩૨ |
| ખાણ ખનિજ | રૂા.૩૩૯૨૭ | રૂા.૨૫૭૫૦ | રૂા.૦.૪૦ | રૂા.૧૨૩૩૨ |
| ગૃહવિભાગ | રૂા.૬૬૮૭૦૦ | રૂા.૭૫૦૨૯૨ | ૦ | રૂા.૧૩૬૧૦૧ |
| શહેરીવિકાસ | રૂા.૧૩૭૨૦૩૮ | રૂા.૧૧૬૫૪૫૪ | રૂા.૧૨૧૩૭૦ | રૂા.૨૪૬૭૨ |
| મહેસૂલવિભાગ | રૂા.૪૩૧૧૯૬ | રૂા.૪૦૩૬૨૪ | ૦ | રૂા.૮૩૬૫૨ |
| કૃષિ વિભાગ | રૂા.૩૭૧૨૨૪ | રૂા.૩૫૮૮૭૦ | રૂા.૮૩૦૩૩ | રૂા.૧૫૦૫૬ |
| પશુપાલન | રૂા.૬૬૫૪૩ | રૂા.૬૩૬૪૯ | રૂા.૫૩૪૫૨ | રૂા.૫૧૭૮ |
| ગ્રામવિકાસ | રૂા.૧૮૪૪૨૮ | રૂા.૧૮૫૯૨૨ | રૂા.૩૩૨૯૯૨ | રૂા.૩૩૦૭૫ |
| વાહનવ્યવહાર | રૂા.૮૨૦૭૨ | રૂા.૮૬૧૩૭ | રૂા.૫૭૪૫૬ | રૂા.૧૬૩૧૫૧ |
| શ્રમ રોજગાર | રૂા.૧૧૮૭૯૦ | રૂા.૧૧૪૩૭૮ | રૂા.૫૯૯૭૩ | રૂા.૧૫૬૨૯ |
| માર્ગ મકાન | રૂા.૯૪૯૧૧૦ | રૂા.૧૧૧૪૧૮૬ | ૦ | રૂા.૧૭૧૧૮ |
| સહકાર | રૂા.૧૩૯૩૨૨ | રૂા.૧૬૬૨૬૦ | રૂા.૪૮૭૬ | રૂા.૧૨૫૨૮ |
| કલ્પસર | રૂા.૧૭૦૦૦ | રૂા.૩૯૯૯૯ | ૦ | રૂા.૪૬૫૩૨ |
| અન્ન નાગરિક | રૂા.૭૮૪૭૫ | રૂા.૨૩૩૮૯૧ | ૦ | રૂા.૨૫૦૬૦ |
| ક્લાયમેટ ચેન્જ | રૂા.૧૭૯૧૪ | રૂા.૫૬૯૯૧ | રૂા.૧૦૭૮ | રૂા.૮૦૫૧ |
| મત્સ્યોદ્યોગ | રૂા.૩૧૪૫૨ | રૂા.૩૪૨૭૪ | રૂા.૫૬૧૭૯ | રૂા.૬૮૭૯ |
| પ્રવાસન | રૂા.૪૭૧૬૫ | રૂા.૩૧૪૨૯ | રૂા.૧૧૬૬૩૮ | રૂા.૫૦૦૮ |
| કાયદા | રૂા.૧૨૯૭૪૦ | રૂા.૧૩૧૧૨૩ | રૂા.૭૨૫૫૨ | રૂા.૧૪૯૫૨ |

અમદાવાદ, બુધવાર

ગુરૂવારથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે. શુક્રવારે નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ વિધાનસભામાં વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ કરશે. એવી હકીકત બહાર આવી છેકે, વિધાનસભામાં સરકાર મોટા ઉપાડે જાહેરાતો કરે છે પણ પ્રજાકીય કામો પાછળ પુરતો ખર્ચ પણ કરતી નથી. છેલ્લા બે વર્ષના બજેટના આંકડા પરથી એવુ તારણ બહાર આવ્યું કે, બજેટમાં સરકારે વિવિધ વિભાગોમાં નાણાંકીય જોગવાઇ કરી તેના કરતાંય ઓછા નાણાં ફાળવ્યા. એટલુ જ નહી, એક બાજુ, સરકાર સરકારી તાયફાઓ પાછળ કરોડોનો ધુમાડો કરે છે . બીજુ બાજુ, સરકાર પ્રજાલક્ષી કામો પાછળ પુરતી રકમ વપરાય તે પ્રત્યે ઝાઝુ ધ્યાન આપતી નથી.

શુક્રવારે વિધાનસભામાં સરકાર બજેટના માધ્યમથી ખેડૂતોથી માંડીને આમ જનતાને રિઝવવા પ્રયાસો કરશે. વિધાનસભામાં સરકાર પ્રજાને લાભ મળે તે હેતુસર વિવિધ વિભાગોમાં અલગ અલગ બજેટ ફાળવવામાં આવે છે. છેલ્લા બે વર્ષના બજેટના આંકડા પરથી જાણવા મળ્યું કે, નર્મદાએ ગુજરાતની જીવાદોરી સમાન છે. ખેડૂતોથી માંડીને ગુજરાતની જનતાને પાણીની તરસ છૂપાવવાની જવાબદારી જેના માથે છે તે નર્મદા વિભાગને સરકારે બજેટમાં જોગવાઇ રહી તેના કરતાં રૂા.૪૪૪૦૯૮ લાખ ઓછા ફાળવ્યા હતાં. હિન્દુત્વના નામે મતો મેળવતી ભાજપ સરકારે યાત્રાધામ વિકાસ બોર્ડને બજેટમાં કરેલી જોગવાઇ

### બજેટમાં જોગવાઈ છતાં રૂા.૧૬,૩૨,૨૨૮ લાખ ઓછા ફાળવ્યાં, વિવિધ વિભાગોમાં રૂા.૭,૯૮,૧૩૧ લાખ વણવપરાયેલાં રહ્યા

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૮-૨-૨૩)

### મોટા ઉપાડે જાહેરાત કરાયા બાદ સરકારે જ કૃષિ, કાયદા, ગ્રામ વિકાસ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, પ્રવાસનના નાણામાં કાપ મૂક્યો

---

## સરકારે પોતાની કંપનીમાંથી ૧૧૦ ટકા મોંઘા ભાવે વીજળી ખરીદી

# વીજ ગ્રાહકો પર ફરીવાર યુનિટ દીઠ ૩૬ પૈસાનો ભાવ વધારો ઝીંકતું GUVNL

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,ગુરૂવાર

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ-જીયુવીએનએલએ લિગ્નાઈટનો ઈંધણ તરીકે ઉપયોગ કરીને વીજળી પેદા કરતી તેની પોતાની જ કંપની કેએલટીપીએસ-૩ પાસેથી યુનિટદીઠ રૂ. ૫.૮૦ના ભાવે ૯ કરોડ યુનિટ વીજળી ખરીદીને તે જ વીજળી ગ્રાહકોને વેચી છે. કેએલટીપીએસ-૩માં લિગ્નાઈટનો ઈંધણ તરીકે વપરાશ થતો હોવાથી યુનિટદીઠ ઉત્પાદન ખર્ચ માત્ર રૂ. ૨.૮૦નો આવે છે. તેને બદલે યુનિટદીઠ રૂ. ૫.૮૦ના ભાવે વીજળી ખરીદી છે.

### કેએલટીપીએસ-૩માં યુનિટે રૂ. ૨.૮૦ના ભાવે પેદા થતી વીજળી ૫.૮૦ના ભાવે ખરીદી ગ્રાહકોને માથે ખર્ચબોજ વધાર્યો

આ સાથે જ વીજળીના એક યુનિટ પર લેવામાં આવતો ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળનો યુનિટદીઠ બોજો વધીને રૂ. ૩.૬૫ થઈ ગયો છે. આ રીતે ૯ કરોડ યુનિટ વીજળીની ખરીદી કરી છે. કેએલટીપીએસનો પ્લાન્ટ ગુજરાત સરકારની જ બીજી કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડની દેખરેખ હેઠળ ઓપરેટ કરવામાં આવી રહ્યો છે.

આ સાથે જ છેલ્લા પાંચ વર્ષથી વીજળીના દરમાં વધારો ન કરવાનો પોકળ દાવો સરકાર કરતી આવી હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. બીજીતરફ સરકાર વીજ ગ્રાહકોને માથે વીજદર વધારાનો બોજો ઝીંકવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં આ જ મોડસ ઓપરેન્ડી અપનાવીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળ સક્રિય વીજ વિતરણ કંપનીઓએ ગુજરાતના ૧.૪૦ કરોડ ગ્રાહકોને માથે ૨૨ ટકાનો વીજદરનો વધારો ઝીંકી દીધો છે. ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓ દ્વારા નિરંકુશ પણે મોંઘાભાવે વીજળીની ખરીદી કરવામાં આવતી હોવાથી ગુજરાતના ગ્રાહકોને માથે ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટની ફોર્મ્યુલા હેઠળ યુનિટદીઠ ચાર્જ ઉપરાંત લેવાતો

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૬-૨-૨૩)

---

## અમદાવાદમાં સિંગતેલનો ડબો રૂપિયા ૩૦૮૦ પહોંચ્યો

# સિંગતેલમાં સ્થાનિક માંગ ઘટવા છતાં ચાર દિવસમાં ડબ્બે રૂ.૧૭૦નો વધારો

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૭-૨-૨૩)

રાજકોટ,ગુરૂવાર

દેશમાં કૂલ પેદા થતી કૂલ ૯૮ લાખથી ૧ કરોડ ટન મગફળીમાં ૪૭ ટકા ગુજરાતમાં પાકે છે પરંતુ, રાજ્યમાં મોંઘા તેલના મલિન ખેલના કારણે હવે ગરીબ જ નહીં, મધ્યમવર્ગના ગુજરાતી પરિવારો માટે મગફળીમાંથી બનતું સિંગતેલ પહોંચની બહાર જઈ રહ્યું છે. લોકોને નીચોવી લેવા બેફામ બનેલી સૌરાષ્ટ્રની તેલલોબીએ આજે સિંગતેલના ડબ્બામાં વધુ રૂા.૪૦ સાથે માત્ર ગત ૪ દિવસમાં જ રૂા.૧૭૦નો તોતિંગ વધારો ઝીંકી દીધો છે. અમદાવાદમાં તેલનો ડબો રૂ.૩૦૮૦ જેટલો થઈ ગયો છે.

### સૂર્યમુખી, કપાસિયા,મકાઈ તેલ સસ્તું પડતા ગ્રાહકો તેના તરફ વળવા લાગ્યા, વધુ રૂા.૪૦નો વધારો થતા ડબ્બાના રેકોર્ડ રૂા.૨૮૯૦-૨૯૪૦

### પાંચ દિવસમાં સિંગતેલના ભાવમાં બેફામ વધારો

(સિંગ,કપાસિયા,પામતેલના ભાવ પ્રતિ ૧૫ કિલો નવા ડબ્બા,સૂર્યમુખી ૧૫ લિટર)

| તારીખ | સિંગતેલ | કપાસિયા | પામતેલ | સૂર્યમુખી |
|---|---|---|---|---|
| ૧૨-૨-૨૩ | ૨૭૧૦-૨૭૭૦ | ૧૯૩૦-૧૯૮૦ | ૧૫૫૦-૧૫૫૫ | ૧૯૦૦-૧૯૫૦ |
| ૧૩-૨-૨૩ | ૨૭૬૦-૨૮૨૦ | ૧૯૪૦-૧૯૯૦ | ૧૫૭૦-૧૫૭૫ | ૧૯૦૦-૧૯૫૦ |
| ૧૪-૨-૨૩ | ૨૮૧૦-૨૮૭૦ | ૧૯૪૫-૧૯૯૫ | ૧૫૭૦-૧૫૭૫ | ૧૯૦૦-૧૯૫૦ |
| ૧૫-૨-૨૩ | ૨૮૫૦-૨૯૦૦ | ૧૯૪૫-૧૯૯૫ | ૧૫૬૦-૧૫૬૫ | ૧૯૦૦-૧૯૫૦ |
| ૧૬-૨-૨૩ | ૨૮૯૦-૨૯૪૦ | ૧૯૪૫-૧૯૯૫ | ૧૫૭૦-૧૫૭૫ | ૧૯૦૦-૧૯૫૦ |
| ૫ દિવસમાં ફરક | ૧૭૦ વધારો | રૂ.૧૫ વધારો | રૂા.૨૦ વધારો | સ્થિર |

મગફળીની સીઝન પૂરી થવા આવે ત્યારે સામાન્યતઃ ભાવ ઉંચા હોય પરંતુ, ગત સપ્ટેમ્બર-૨૦૨૨માં તેલના મહત્તમ રૂા.૨૯૧૦ સુધી પહોંચેલા ભાવનો રેકોર્ડ પણ તૂટ્યો છે. આજે રાજકોટ તેલ બજારમાં સિંગતેલ ૧૫ કિલો નવા ટીનના રૂા.૨૮૯૦-૨૯૪૦ના વિક્રમી ભાવ નોંધાયા હતા.

તેલના આ ભાવ વધારાથી મોટાભાગના સામાન્ય ખેડૂતોને કોઈ લાભ થયો નથી. કારણ કે જ્યારે મગફળી બજારમાં ધૂમ ઠલવાતી હતી ત્યારે ખેડૂતોને તેના રૂા.૧૦૦૦થી ૧૩૦૦ના ભાવ જ મળ્યા છે. આ ભાવે જથ્થાબંધ, ટનબંધ મગફળી ખરીદી લેવાઈ છે. હાલ મગફળીના ભાવ થોડા ઉંચકાયા છે પરંતુ, મોટાભાગના ખેડૂતોએ તો તે ઓછા ભાવે વેચી દીધી છે.

**ગરમા ગરમઃ** ચૂલાને પણ ખર્ચાઓનું ઝેર ચડ્યું છે, એક ગરીબને ઇચ્છાઓનું ઝેર ચડ્યું છે

# તાવડે તળીને ઊભી બજારે કેન્સર વેંચાય છે!

કેન્સરજન્ય ટોટલ પોલાર કમ્પાઉન્ડ વધી જતું હોવાથી 'દાઝિયું' તેલ વાપરવાની મનાઇ છે ખરી પણ તેના અમલની જાણે મનાઇ લાગે છે!



સૌજન્ય : હેડલાઈન(તા.૨૬-૨-૨૩)




## રોડ, રસ્તા, લારી–ગલ્લા પર ઊકળતા તેલમાં તળાતા સમોસા, કચોરી, બ્રેડ, પકોડાં કે વડાપાંઉ ખાઓ છો તો લખી રાખો તમો પૈસા ચૂકવી કેન્સર ખરીદી રહ્યા છો!

### દાઝિયા તેલ ઉપર પ્રતિબંધનો કાયદો માત્ર કાગળ ઉપર

### દાઝિયા તેલ ખાવાથી ક્યા રોગ થાય?

### દાઝિયા તેલનું જોખમ શું?

### પર્યાવરણને મોટું નુકસાન



---

ત્રણ મ્યુનિ. શાળાઓ ખાનગી સંસ્થાને અપાઇ

# ૧૩૧ મ્યુનિસિપલ સ્કૂલોના મકાન જર્જરિત : ૩૧૭ શિક્ષકોની ઘટ

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૦-૨-૨૩)

અમદાવાદ,રવિવાર

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના વર્ષ-૨૦૨૩-૨૪ના રુપિયા ૧૦૭૧ કરોડના બજેટને મંજૂર કરવા માટે ચાલી રહેલી ચર્ચા સમયે વિપક્ષના કોર્પોરેટર દ્વારા એલિસબ્રિજ શાળા નંબર-૭માં તેમણે મુલાકાત લીધી એ સમયે ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને એક જ વર્ગખંડમાં બેસાડવાની સાથે ધોરણ-૧ના બાળકોને અભ્યાસ કરાવતા શિક્ષક ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને ભણાવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.શહેરના વિવિધ વિસ્તારમાં આવેલી ત્રણ મ્યુનિસિપલ શાળાઓ ખાનગી સંસ્થાઓને પધરાવી દેવામા આવી છે.શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલી ૧૩૧ મ્યુનિ.શાળાના બિલ્ડિંગ જર્જરીત છે.૩૧૭ શિક્ષકોની ઘટ હોવાની પણ રજુઆત કરવામા આવી હતી.

## ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને એક જ વર્ગમાં બેસાડી ધો. ૧ના શિક્ષકે ભણાવ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના બજેટ ઉપરની ચર્ચા દરમિયાન કોંગ્રેસ તરફથી રજુ કરવામા આવેલી સુધારા દરખાસ્ત ઉપરની ચર્ચા સમયે કોંગ્રેસના કોર્પોરેટર જગદીશ રાઠોડે મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના બજેટને દિશાવિહીન ગણાવ્યુ હતુ. સ્કૂલબોર્ડના બજેટમાં ૮૮ ટકા જેટલી રકમ એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચ પેટે અને ૧૧.૫૯ ટકા રકમ શિક્ષણલક્ષી પ્રવૃત્તિ માટે ખર્ચ કરવામા આવનાર હોવાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યુ,એલિસબ્રિજ શાળા નંબર-૭માં તેમની મુલાકાત સમયે જે પ્રમાણે ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને એક વર્ગખંડમાં સાથે બેસાડીને ધોરણ-૧ના બાળકોને અભ્યાસ કરાવતા શિક્ષક ભણાવતા હતા એ ઉપરથી જ ખ્યાલ આવે છે કે,મ્યુનિસિપલ શાળાઓના બાળકોને કેવા પ્રકારનુ શિક્ષણ આપવામા આવી રહયુ છે.

બાદમા જ્યારે શિક્ષકને પુછવામા આવ્યુ કે,તમે કેમ આ વિદ્યાર્થીઓને ભણાવો છો તેના જવાબમાં તેમણે કહયુ,આ વર્ગમાંઅભ્યાસ કરાવતા શિક્ષકો ઓઢવ ખાતે રાખવામા આવેલા તાલિમ કાર્યક્રમમા તાલિમ લેવા ગયા છે.કોંગ્રેસના કોર્પોરેટરના સીધા આક્ષેપ બાદ ભાજપના કોર્પોરેટરોએ બચાવમા આવી કહયુ હતુ,શહેરના ૪૮ વોર્ડમાં વોર્ડ દીઠ એક સ્માર્ટશાળા બનાવવામા આવી છે. ઉપરાંત શહેરની ખાનગીશાળાઓ છોડી એક વર્ષમાં ૯૬૦૦ વિદ્યાર્થીઓએ મ્યુનિ.શાળામાં પ્રવેશ મેળવ્યો છે.કોંગ્રેસના કોર્પોરેટરે એલિસબ્રિજ શાળા નંબર-૯ ઉપરાંત ત્રાગડ વિસ્તાર તથા અન્ય એક શાળા ખાનગી સંસ્થાને પધરાવી દેવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો.જેનો કોઈ જવાબ શાસકપક્ષના હોદ્દેદારો આપી શકયા નહોતા.

---

બેટી બચાવો-બેટી પઢાઓની ગુલબાંગો પણ હકીકત અલગ

# ગુજરાતમાં બાળકીઓ સલામત નથી દુષ્કર્મ કેસોમાં ૩૯૮ ટકા વધારો

અમદાવાદ, રવિવાર

એક તરફ, બેટી પઢાઓ-બેટી બચાવોની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ, નાની બાળકીઓ સાથે છેડતી-દુષ્કર્મના કેસોમાં શરમજનક હદે વધારો થઇ રહ્યો છે. છેલ્લાં આઠ વર્ષમાં ગુજરાતમાં પોક્સો હેઠળ ૧૪ હજારથી વધુ કેસો નોંધાયા છે. ચોંકાવનારી વાત તો એછેકે, નાની બાળકીઓ સાથે થતા દુષ્કર્મના કેસોમાં ૩૯૮ ટકાનો વધારો થયો છે. આ આંકડા જ પ્રસ્થાપિત કરે છેકે, ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી કેટલી હદે કથળી છે. આ જોતા કહી શકાય કે, ગુજરાતમાં નાની બાળકીઓ ય હવે સલામત રહી નથી .

## બાળકીઓની છેડતીના ગુનામાં થયેલો વધારો જ દર્શાવે છેકે, કાયદા- વ્યવસ્થાની સ્થિતી કેટલી હદે કથળી છે?

ગુજરાતમાં ગુનેગારોને જાણે કોઇનો ડર જ રહ્યો નથી. ગુનાખોરો બેશરમ બન્યા છે કેમકે, મહિલાઓ જ નહી, નાની માસુમ બાળકીઓ પણ સલામત ગુજરાતમાં સલામતી અનુભવતી નથી તેવુ ચિત્ર ઉપસ્યુ છે. લોકસભામાં રજૂ થયેલાં એક રિપોર્ટે જ ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી કેવી છે તેનો સાચો ચિતાર રજૂ કર્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫થી માંડીને વર્ષ ૨૦૨૧-૨૨ સુધી રાજ્યમાં પોક્સો હેઠળ કુલ મળીને ૧૪,૫૨૨ કેસો નોંધાયા છે. આ રિપોર્ટ મુજબ, ગુજરાતમાં દર વર્ષે પોક્સો હેઠળ સરેરાશ દોઢ હજાર કેસો નોંધાય છે. ચિંતાજનક વાત તો એછેકે, સલામત ગુજરાતમાં બાળકીઓ પર થતા દુષ્કર્મની ઘટનામાં દર વર્ષે વધારો નોંધાઇ રહ્યો છે.

આંખે ઉડીને વળગે તેવી વાત તો એછેકે, નાની બાળકીઓ પર દુષ્કર્મની ઘટનામાં આરોપીઓને થતી સજાનો દર ખૂબ જ ઓછો છે પરિણામે ગુનેગારોને પોલીસનો ડર જ રહ્યો નથી. ગુનેગારો બેખોફ બન્યા છે. ગુજરાતમાં નાની બાળકીઓના દુષ્કર્મના કેસોમાં સજા આપવાનો દર માત્રને માત્ર ૧.૫૯ ટકા જ છે. રાજ્યમાં છેલ્લાં આઠ વર્ષમાં ૧૪,૫૨૨ કેસો નોંધાયા પણ માત્ર ૨૩૧ કેસોમાં ગુનો પુરવાર થઇ શક્યો છે.

બેટી બચાવો-બેટી પઢાઓની જાહેરાતો પાછળ લાખો કરોડોનો ધુમાડો કરનાર સરકાર નાની બાળકીઓને ન્યાય આપવામાં ય ઉણી ઉતરી છે તે આ રિપોર્ટે સ્પષ્ટ કર્યુ છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ના અંત સુધી પોક્સો હેઠળ નોંધાયેલાં ૧૨,૬૪૭ કેસોનો હજુ નિકાલ આવી શક્યો નથી. આ પ્રસ્થાપિત કરે છેકે, સરકારને નાની બાળકીઓ સાથે દુષ્કર્મ કરનારા આરોપીને કડક સજા મળે તેમાં રસ નથી.

### પોક્સોના કુલ ૧૪,૫૨૨ કેસો પૈકી માત્ર ૨૩૧ કેસોમાં ગુનો પુરવાર, બાળકીઓને ન્યાય આપવામાં તંત્ર ઊણું ઉતર્યું



સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૦-૨-૨૩)

### ગુજરાતમાં પોકસો હેઠળ નોંધાયેલા કેસોની સ્થિતિ

| વર્ષ | કેસો |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૬૧૩ કેસ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૦૯ કેસ |
| ૨૦૧૬-૧૭ | ૧૪૦૮ કેસ |
| ૨૦૧૭-૧૮ | ૧૬૯૭ કેસ |
| ૨૦૧૮-૧૯ | ૨૧૫૪ કેસ |
| ૨૦૧૯-૨૦ | ૨૨૫૩ કેસ |
| ૨૦૨૦-૨૧ | ૨૩૪૫ કેસ |
| ૨૦૨૧-૨૨ | ૨૪૪૩ કેસ |

### કોંગ્રેસના આક્ષેપ સામે ભાજપના કોર્પોરેટરો ચૂપ

## ૬૨૫ મ્યુ. બસ ભાજપના મળતીયા ઓપરેટરોને પધરાવી દેવામાં આવી

અમદાવાદ,રવિવાર

મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની ૬૨૫ જેટલી બસ ભાજપના મળતીયા ઓપરેટરોને પધરાવી દેવામાં આવી હોવાનો મ્યુનિ.બજેટ બેઠકમાં વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.ગઈકાલે બજારમાં જે દસ બસ લઈ આવ્યા હતા એ આજે પાંચસો બસના માલિક કેવી રીતે થઈ ગયા એનો જવાબ તો કોઈ આપો એમ કહેવામાં આવ્યા બાદ પણ ગૃહમાં બેઠેલા અધ્યક્ષસ્થાને બેઠેલા ભાજપના મેયરથી લઈ તમામ કોર્પોરેટરોએ ચૂપકીદી સેવવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહોતો.

### જે બજારમાં દસ બસ લઈ આવ્યા હતા એ આજે પાંચસો બસોના માલિક થઈ ગયા હોવાનો મ્યુનિ.બજેટ બેઠકમાં વિપક્ષનો આક્ષેપ

બે દિવસની મ્યુનિ.બજેટ બેઠકના પહેલા દિવસે મ્યુનિ.ના સામાન્ય બજેટ સહિત મ્યુનિ. સ્કૂલબોર્ડ, એમ.જે.લાયબ્રેરી ઉપરાંત વી.એસ. હોસ્પિટલ અને એ.એમ.ટી.એસ.ના વર્ષ-૨૦૨૩-૨૪ના ૫૭૪ કરોડના બજેટને મંજુરી આપવા દરખાસ્ત ટેકા સાથે રજુ કરી તેના સુધારા ઉપર ચર્ચા હાથ ધરવામાં આવી હતી.કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર જગદીશ રાઠોડે સુધારા ઉપરની ચર્ચા દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ બદલી ભારતીય જનતાપાર્ટી ટ્રાન્સપોર્ટ સર્વિસ રાખવાનો

#### એ.એમ.ટી.એસ.માં કોની કેટલી બસ?

| ઓપરેટર | ઓનર | કુલ બસ |
|---|---|---|
| અર્હમ ટ્રાન્સપોર્ટ | ઉમેદ જૈન | ૧૦૯ |
| ટાંક ઓપરેશન્સ | યશવંતભાઈ | ૧૬૪ |
| આદીનાથબલ્ક | નરેન્દ્રજૈન | ૧૧૫ |
| મારુતી ટ્રાવેલ્સ | એચ.એ.ડાગા | ૧૪૪ |
| શ્રી મારુતી ટ્રાવેલ્સ | હસમુખ પટેલ | ૪૩ |
| શ્રી મારુતી ટ્રાવેલ્સ | એચ.એ.ડાગા | ૧૦૦ |
| માતેશ્વરી બસ | બળવંત ટાંક | ૫૦ |
| ટાંક બસ | યશવંત ટાંક | ૫૦ |
| અર્હમ ટ્રાન્સપોર્ટ | ઉમેદ જૈન | ૬૫ |
| આદીનાથ બલ્ક | નરેન્દ્ર જૈન | ૬૫ |
| ટાંક બસ | યશવંતભાઈ | ૭૦ |

#### કોન્ટ્રાકટરોને વર્ષે ૨૨૫ કરોડની રકમ ચૂકવવામા આવે છે

એ.એમ.ટી.એસ.ના બજેટ ઉપરની ચર્ચા દરમિયાન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હીતેશ બારોટે એક તબક્કે કહયુ,એ.એમ.ટી.એસ.ના ૯૦૦ જેટલા કર્મચારીઓને મ્યુનિસિપલ કોર્પોરેશનના અલગ અલગ વિભાગમાં ફરજ ઉપર મુકવામા આવ્યા છે.જેમના પગારના દર મહિને ૩૬ કરોડનો ખર્ચ પણ મ્યુનિ.તંત્ર ઉપાડે છે.એ.એમ.ટી.એસ.ની બસ જે ખાનગી ઓપરેટરોને ચલાવવા માટે આપવામા આવી છે એ ઓપરેટરોને વર્ષે રુપિયા ૨૨૫ કરોડ જેટલી રકમ એ.એમ.ટી.એસ.દ્વારા ચુકવવામા આવી રહી છે.આ પરિસ્થિતિમાં જો આપણે મ્યુનિસિપલ બસો ચલાવવીએ તો બીજો વધારાનો રુપિયા ૧૫૦૦ કરોડનો ખર્ચ થાય એમ હોવાથી એ.એમ.ટી.એસ.ની બસો ખાનગી ઓપરેટરોને ચલાવવા આપીએ છીએ.

### લોકોને બસ મળતી નથી છતાં પણ

## AMTSની ૬૩૯૯ બસ સરકારી કાર્યક્રમ માટે ફાળવાઈ

અમદાવાદ,રવિવાર

એક તરફ અમદાવાદના લોકોને એ.એમ.ટી.એસ.બસમાં મુસાફરી કરવી હોવા છતાં બસ મળતી નથી.બીજી તરફ એક વર્ષમાં વિવિધ સરકારી કાર્યક્રમ માટે ૬૩૯૯ એ.એમ.ટી.એસ.ની બસ ફાળવવા પાછળ તંત્ર તરફથી રુપિયા ૫.૫૨ કરોડથી વધુ રકમનો ખર્ચ કરવામા આવ્યો હતો.

### કાર્યક્રમ માટે બસ ફાળવવા પાછળ ૫.૫૨ કરોડથી વધુ રકમનો ખર્ચ

એ.એમ.ટી.એસ.ના વર્ષ-૨૦૨૩-૨૪ના બજેટને મંજુર કરવા હાથ ધરવામા આવેલી ચર્ચા દરમિયાન કોંગ્રેસના અમરાઈવાડી વોર્ડના કોર્પોરેટરને આપવામા આવેલા લેખિત જવાબ મુજબ,વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં આયોજિત કરવામા આવેલા કાર્યક્રમો સુધી લોકોને લઈ જવા અને પરત મુકવા માટે એ.એમ.ટી.એસ.ની કુલ મળીને ૬૩૯૯ બસ ફાળવવા પાછળ કુલ રુપિયા ૫,૫૨,૩૫,૫૫૦ ખર્ચ થવા પામ્યો હતો.એ.એમ.ટી.એસ. દ્વારા સરકારી કાર્યક્રમો માટે બસ ફાળવણીની સામે ૧,૫૯,૧૮,૮૯૫ જેટલી રકમ બસની માંગણી કરનાર સંસ્થા દ્વારા ચૂકવવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામા આવેલી ૩૭૧૭ બસોની રુપિયા ૩,૩૫,૪૫,૬૭૫ જેટલી રકમ જમાખર્ચીની પ્રકીયા કરી મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી વસુલ કરવામા આવશે.

સમય થઈ ગયો હોવાનુ કહયુ હતુ. હાલમાં એ.એમ.ટી.એસ. તંત્રને માથે મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપવામા આવેલી લોન સહીત કુલ રુપિયા ૩૯૬૨ કરોડનુ જંગી દેવુ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સ્થાપનાના ૭૬મા વર્ષમાં પ્રવેશેલી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની હાલની કથળેલી આર્થિક સ્થિતિ માટે ભાજપના શાસકો દ્વારા જે તે સમયે લેવામા આવેલા નિર્ણયો જ જવાબદાર હોવાનો આક્ષેપ કરતા કહયુ,થોડા સમય પહેલા ૧૧૮ જેટલી મીડી સી.એન.જી. બસ લેવામા આવી હતી.

બસ દીઠ રુપિયા ૨૫.૪૬ લાખનો ખર્ચ કરવામા આવ્યો હોવા છતાં આ તમામ બસ શાસકપક્ષના મળતીયા ઓપરેટરોને ચલાવવા માટે પધરાવી દેવામા આવી હતી.વધુ ૩૦૦ બસ ખરીદવાની એ.એમ.ટી.એસ.ના બજેટમા દરખાસ્ત રજુ કરવામા આવી છે.આ બસો પણ ખાનગી ઓપરેટરોને ચલાવવા માટે આપી દેવામા આવશે. એ.એમ.ટી.એસ.ની માલિકીની તો માંડ ત્રીસ કે ચાલીસ બસ છે.સતત કથળતી જતી આર્થિક પરિસ્થિતિ છતાં ખાનગી ઓપરેટરોના લાભાર્થે એ.એમ.ટી.એસ. ચલાવવામા આવી રહી હોય એવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૦-૨-૨૩)

### વૈજ્ઞાનિક ઢબે માપણી કરી પ્રોપર્ટીકાર્ડનું કામ મંથરગતિએ

## ડ્રોનથી જમીન માપણી કરવા શરૂ થયેલી સ્વામિત્વ યોજના ડખે ચડી

અમદાવાદ, શનિવાર

ખેતી સહિતની બધીય જમીનોનું ડ્રોનથી મેપિંગ કરી પ્રોપર્ટી કાર્ડ આપવાનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. ભારતીય સર્વેક્ષણ વિભાગની મદદથી શરૂ કરાયેલો સ્વામિત્વ નામની યોજના હાલ ગુજરાતમાં ડખે ચડી છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં હજુ માત્ર ૪૦ ટકા કામગીરી માંડ થઇ શકી છે. આખાય રાજ્યમાં માત્ર ૫૩૨૪ ગામડાઓમાં ડ્રોન ઉડ્યા છે અને મેપિંગ થઇ શક્યુ છે.

### ગુજરાતમાં માત્ર ૫૩૨૪ ગામડાઓમાં જ ડ્રોન ઉડ્યાં યુપી,મ.પ્રદેશ,ગોવા,હરિયાણા સહિત રાજ્યમાં કામગીરી પૂર્ણ

સ્વામિત્વ યોજનાંનો મુખ્ય હેતુ એછેકે, ગામડામાં લોકોને મિલ્કતના પ્રોપર્ટીકાર્ડ આધારે બેંકોમાંથી લોન મેળવી શકે. જમીનોનુ વૈજ્ઞાનિક ઢબે મેપિંગ થાય જેથી પરિવારમા વિખવાદ ન થાય.ગ્રામ પંચાયતોને મેપિંગ આધારે જમીનોનો ખ્યાલ આવી શકે. કેન્દ્ર સરકારે સ્વામિત્વ યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ ગુજરાત સહિત દેશમાં કુલ મળીને ૬.૬૨ લાખ ગામડાઓમાં ડ્રોનના માધ્યમથી જમીન મેપિંગ કરવા નક્કી કરાયુ હતુ.

લોકસભામાં રજૂ કરાયેલાં એક રિપોર્ટ મુજબ, ગુજરાતમાંય ૧૩૧૩૨ ગામડાઓમાં ડ્રોનથી જમીન મેપિંગ કરવા આયોજન કરાયુ હતું. પાયલોટ પ્રોજેક્ટના ભાગરુપે શરૂ કરાયેલી સ્વામિત્વ યોજવા હાલ મંથરગતિએ ચાલી રહી છે કેમકે, માત્ર ૫૩૨૪ ગામડાઓમાં હજુ સુધી ડ્રોન ઉડાડાયા છે અને જમીન મેપિગ કરાયુ છે. હજુ ૬૦ટકા ગામડાઓમાં મેપિગ કરવાનુ બાકી રહ્યુ છે. ભારતીય સર્વેક્ષણ વિભાગની મદદથી આખોય પ્રોજેક્ટ શરૂ કરાયો છે. ગુજરાતમાં ભારતીય સર્વેક્ષણ વિભાગને ડ્રોનથી જમીન મેપિગ કરવા રૂા.૭ કરોડ જેટલી ગ્રાન્ટ સુધ્ધા કેન્દ્રસરકારે આપી છે.

રિપોર્ટમાં એવો ઉલ્લેખ કરાયો છેકે, ગુજરાતમાં તો યોજનાના હજુ ઠેકાણા નથી ત્યા હરિયાણા, ગોવા, પોંડિચેરી, આંદામાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોઓએ નિર્ધારિત લક્ષ્યાંક મુજબના ગામડાઓમાં આ કામગીરી લગભગ પૂર્ણ કરી છે. આખાય દેશમાં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૯૦૪૪૬ ગામડાઓમાં ડ્રોન ઉડાડીને જમીન મેપિંગ કરાયુ છે. આમ, ગુજરાતમાં હજુ સ્વામિત્વ યોજના ખોડગાતી અવસ્થામાં હોય તેમ લાગી રહ્યુ છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૭-૨-૨૩)

### રોડ કમિટિનો વિવાદાસ્પદ નિર્ણય

## વાડજ-નરોડા ફલાયઓવરબ્રિજ બનાવવા ૩૪૪ કરોડનો એક જ કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૯-૨-૨૩)

અમદાવાદ,શનિવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલી રોડ કમિટીની બેઠકમાં વાડજ જંકશન ઉપર ૨૦.૫૦ ટકા વધુ ભાવથી રુપિયા ૧૦૮ કરોડના ખર્ચે ફોરલેન ફ્લાય ઓવરબ્રિજ તેમજ ટુ લેન અંડરપાસ બનાવવા તેમજ નરોડા ખાતે ત્રણ જંકશનને આવરી લેતો સળંગ ફ્લાયઓવરબ્રિજ રુપિયા ૨૩૫.૩૯ કરોડના ખર્ચથી અંદાજિત ભાવથી ૧૮.૯૦ ટકા વધુની રકમના ટેન્ડરને સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરીની અપેક્ષાએ લીલી ઝંડી આપવામાં આવી છે.આમ આ બે વિસ્તારમાં ફ્લાય ઓવરબ્રિજ અને એક અંડરપાસ બનાવવા રચના કન્સ્ટ્રકશન નામના એક જ કોન્ટ્રાકટરને રુપિયા ૩૪૪ કરોડનો કોન્ટ્રાકટ આપવાનો રોડ કમિટી દ્વારા વિવાદાસ્પદ નિર્ણય લેવામાં આવ્યો છે.કોન્ટ્રાકટરને આર.બી.આઈ.ની ઈન્ડેકસ આધારીત ફોર્મ્યુલા મુજબ સ્ટીલ,સિમેન્ટ સહિતની ચીજો માટે પ્રાઈસ વેરીએશન પેટે રકમ તંત્ર દ્વારા ચુકવવામાં આવશે.

### કોન્ટ્રાકટરને RBI ઈન્ડેકસ આધારિત ફોર્મ્યુલા મુજબ સ્ટીલ,સિમેન્ટ સહિતની ચીજો માટે પ્રાઈસ વેરીએશન પેટે તંત્ર દ્વારા રકમ ચૂકવાશે

શહેરના વાડજ જંકશન ઉપર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની મળેલી મંજુરી મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર બ્રિજ પ્રોજેકટ વિભાગ દ્વારા વાડજ જંકશન ઉપર ફોરલેન ફ્લાયઓવરબ્રિજ તેમજ ટુલેન અંડરપાસ બનાવવા ટેન્ડર પ્રક્રીયા કરવામાં આવી હતી.આ કામગીરી માટે મ્યુનિસિપલ તંત્ર દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે, કોન્ટ્રાક્ટર રચના કન્સ્ટ્રકશનના અંદાજીત ભાવથી ૨૦.૫૦ વધુ ભાવના એટલે કે રુપિયા ૧૦૭,૮૬,૨૪,૪૦૬ની રકમના ટેન્ડરને રોડ કમિટી દ્વારા મંજુરી આપવામાં આવી છે.કોન્ટ્રાકટરે ૧૮ ટકા જી.એસ.ટી.સાથે ટેન્ડર ભર્યુ હોવાથી ટેન્ડરની શરત મુજબ આર.બી.આઈ.ઈન્ડેકસ ફોર્મ્યુલા મુજબ સ્ટીલ,સિમેન્ટ, લેબર મટીરીયલ તેમજ બીટુમીનના સીધા ભાવતફાવત મુજબની ફોર્મ્યુલા અનુસાર ભાવ વધારા-ઘટાડા મુજબ કોન્ટ્રાકટરને પ્રાઈસ વેરીએશન પેટેની રકમ ચુકવવામાં આવશે.ઉત્તરઝોનમાં ગેલેકસી સિનેમા જંકશનથી દેવી સિનેમા જંકશન થઈ નરોડા પાટીયા જંકશનને આવરી લેતો સળંગ ફલાયઓવરબ્રિજ બનાવવા માટે રચના કન્સ્ટ્રકશનના અંદાજીત ભાવથી ૧૮.૯૦ ટકા વધુ ભાવના રુપિયા ૨૩૫,૩૯,૮૩,૪૯૩ની રકમના ટેન્ડરને મંજુરી આપવામાં આવી છે.એક જ કોન્ટ્રાકટરના બે અલગ અલગ વિસ્તારમાં બે ફલાય ઓવરબ્રિજ અને એક ટુલેન અંડરપાસ બનાવવાના ટેન્ડરને રોડ કમિટીએ મંજુરી આપી હોવાછતાં વાડજ જંકશન ઉપર ફોરલેન ફલાય ઓવરબ્રિજ અને ટુલેન અંડરપાસ બનાવવાના કામ માટે કોન્ટ્રાકટર ૨૦.૫૦ ટકા વધુ ભાવ ભરે છે બીજી તરફ આજ કોન્ટ્રાકટર નરોડા વિસ્તારમાં સળંગ ફલાય ઓવરબ્રિજ બનાવવાનો કોન્ટ્રાકટ મેળવવા ૧૮.૯૦ ટકા વધુ ભાવથી કામ કરવા ઓફર કરે છે અને મ્યુનિસિપલ વહીવટીતંત્રના અધિકારીઓ અને ચૂંટાયેલી પાંખના હોદ્દેદારો એને મંજુરી પણ આપી દે છે.

### અગાઉના બે વર્ષમાં સરકારે ૪૦૦ કરોડ ફાળવ્યા પણ

## છ લાખ વિદ્યાર્થીને ટેબ્લેટ ન આપી શકાતા આખી યોજના બજેટમાંથી બાદ

અમદાવાદ, રવિવાર

ગુજરાત સરકારે ઉચ્ચ શિક્ષણ અંતર્ગત કોલેજોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને એક હજાર રૂપિયામાં નમો ટેબ્લેટ આપવાની યોજના હવે હાલ પડતી મુકી દેવાઈ છે.કારણકે ૨૦૨૩-૨૪ના બજેટના સરકારે ટેબ્લેટ માટેની કોઈ યોજના જાહેર કરી નથી કે ફાળવણી માટેની કોઈ જોગવાઈ કરી નથી.અગાઉ બે વર્ષના બાકી છ લાખ વિદ્યાર્થીઓને હજુ સુધી ટેબ્લેટ આપી શકાયા નથી અને અગાઉ સરકારે કરેલ ૨૦૦-૨૦૦ કરોડની ફાળવણી બાદ આ વિદ્યાર્થીઓને ટેબ્લેટ હવે અપાશે કે કેમ તે પણ સરકારે સ્પષ્ટ કર્યુ નથી.

### કોલેજોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને એક હજારમાં ટેબ્લેટ આપવા માટે આ વર્ષે કોઈ જોગવાઈ ન કરાઈ

ગુજરાતની વિજય રૂપાણીની સરકાર દ્વારા જુલાઈ ૨૦૧૭માં કોલેજોના પ્રથમ વર્ષના ૩ લાખ વિદ્યાર્થીઓને એક હજાર રૂપિયામાં નમો ટેબ્લેટ આપવાની યોજના જાહેર કરવામા આવી હતી.આ માટે સરકાર દ્વારા દર વર્ષે બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામા આવતી હતી. સરકારે ૨૦૧૭બાદ ૨૦૧૮માં પણ ટેબ્લેટ આપ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવાના હતા તેમાંથી એક લાખથી વધુ

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૭-૨-૨૩)




**ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું ૮૫ મુ મહાધિવેશન**




R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.